# अध्यात्म

વર્ષ : ૮ એપ્રીલ–૧૯૮૭ અંક : ૭



## * સદ્ભાવભરી ભેટ *

અધ્યાત્મના વાંચકો તરફથી સદ્ભાવભરી ભેટનો પ્રવાહ અસ્ખલિત રીતે વહેતો રહે છે, તેમાં અમને અમારા પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાનું દર્શન થતું રહે છે; કારણ કે અધ્યાત્મના અણધાર્યા વધેલા ટપાલના અને છપાઇના ખર્ચની અમારી ચિન્તા જાણે કે અમારા પ્રભુને પણ પહોંચી ગઇ! એટલે કોઇક ને કોઇકને નિમિત્ત બનાવી એ પ્રભુ સહાય પહોંચાડતા રહે છે. પ્રભુની એ અગોચર દિવ્ય પ્રેરણા શકિતને અમે નમન કરીએ છીએ અને અમારા નાના મોટા શામળિયા શેઠોને અભિનંદન આપીએ છીએ.

ભેટની વિગતો નીચે પ્રમાણે છે.

રૂા.
૧૧ ભારતીબેન સુરેશચંદ્ર દવે, પુત્રજન્મ નિમિત્તે.
૧૧ સરોજ પી. ત્રિવેદી, અકસ્માતમાંથી ઉગરી જતાં.
૧૫૦ અમદાવાદના એક સાધકભાઈ તરફથી કાર્ય સિદ્ધ થતાં.
૫૧ શ્રી શાન્તિલાલ નરભેરામ જપી, મુંબઈ પૌત્ર રાજીવના જન્મદિન નિમિત્તે.
૨૧ શ્રી હંસાબેન ત્રિભુવનભાઈ પટેલ તરફથી ભાઇ પંકજને ત્યાં પુત્ર જન્મ થવાથી.
૧૦૧ ગુજરાતી આશ્રમ ટ્રસ્ટ, ઋષિકેશ હા. પૂ. મધુરીમા.
૮૫ શ્રી વિનુભાઇ નરસિહભાઈ ભક્ત, અમેરિકા.
૮૫ શ્રી જે. સી. ભકત લોસ એન્જેલસ.
૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી યાત્રા નિમિત્તે.
૨૪૨૫ અમેરિકાના ગ્રાહકો તેમજ નવા આજીવન સભ્યો તરફથી, હા. ભગવાનજીભાઈ ભકત.

( અનુસંધાન પાના ૬૪ પર )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૮ અંક : ૭ છૂટક નકલ ૩-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત (૨) | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| એક યાદગાર સંકિર્તન યાત્રા | નારાયણ હ. જાની | ૧૧ |
| ભગવાન સ્વામિનારાયણ | લક્ષ્મીચંદ દેઢિયા | ૧૭ |
| સ્વતંત્રતા | કમલ સુથાર | ૨૩ |
| ઈશ્વરદર્શી–સ્વાનુભૂતિ–સંપન્ન મહાત્મા શ્રી યોગેશ્વરજી | સર્વેશ્વરી પદરેણુ | ૨૫ |
| મૃત્યુ | મમતા પી. ભાટીયા | ૩૩ |
| હું તારું સર્જન | નરહરિ પંડ્યા | ૪૦ |
| શ્રી રમણ દર્શન | અધ્યાત્મ પ્રેમી | ૪૧ |
| વ્રતોત્સવ | કલ્યાણ | ૪૭ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૩ |
| સંતાઈને કરે છે શું ? | મા શ્રી સર્વેશ્વરી | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૮ એપ્રિલ–૧૯૮૭ અંક : ૭


## શ્રી યોગેશ્વર કથામૃત (૨)

મા શ્રી સર્વેશ્વરી

૧૩/૮/૧૯૮૦

બુધવાર શ્રાવણ સુદ ત્રીજ વિ. સં. ૨૦૩૬

સ્થળઃ–૫૫–અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા. શ્રી જીતુભાઇ ગાંધીના મકાનમાં.

આજે બુધવાર. દરરોજ કરતાં આજે જલ્દી લગભગ સાડાચાર વાગ્યે સ્નાન કરી પૂ. શ્રી માળા લઈને બેસી જાય છે. સમયસર વ્યાયામ કરતાં કહે છે કે આજે ત્રેસઠ બેઠક કરી, હવે દરરોજ સાંજે ચાલવાની કસરત મળતી નથી એટલે આજથી સાંજે થોડું શિર્ષાસન ને દંડ બેઠક કરવાનું વિચારું છું. પહેલાં હું સાંજે પણ થોડી કસરત કરતો. પૂ. શ્રીની શરીરની વય વધું હોવા છતાં તંદુરસ્તી જાળવી રહ્યા છે, એની પાછળ નિયમિત વ્યાયામની ટેવ પણ કારણભૂત છે. શરીરના દરેક અંગોને વ્યાયામ મળે એ રીતનો સર્વાંગી વ્યાયામ તેઓશ્રી કરે છે. વ્યાયામમાં કદી આળશ નથી

હોતી. પૂ. શ્રીના સ્વભાવમાં જ આળશ નથી એમ કહીએ તો તે અયોગ્ય નથી.

આવતીકાલથી શરૂ થતા અમદાવાદના નવા નિવાસ અંગેની પૂ. શ્રીએ મને સૂચના અને સમજ આપી. સમય થતાં સાડાઆઠ વાગ્યે દ્વાર ખોલવાની મને સૂચના આપી.

રૂમમાં દરરોજની જેમ પૂ. શ્રી સોફા ઉપર બેઠા છે. દૂધ મૂકી દેવામાં આવે છે, સૌ દર્શન માટે પધારે છે, અમદાવાદ જવા અંગેની વાતો થાય છે. આજે શ્રી જીતુભાઇ-ગાંધીના વૃદ્ધ પિતાજી શ્રી મગનલાલ ગાંધી પણ દરરોજની જેમ પૂ. શ્રીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. (છ્યાશી વરસ થયા હોવા છતાં શરીર પ્રમાણમાં સ્વસ્થ છે. જેથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામનો જ તેઓ આગ્રહ રાખે છે. શ્રી જીતુભાઈ ગાંધીને સંતસેવા પ્રત્યે વાળવામાં તેમની પ્રેરણા રહેલી છે. તેઓશ્રી પૂ. શ્રી ઉપર પણ ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે છે.)

શ્રી મગનલાલ ગાંધીઃ-નામ સ્મરણ કરતાં કરતાં ખૂબ ઝડપથી મંત્ર બોલાય જાય છે. રામસ્નેહી સંપ્રદાયના સાધુ-પુરુષ સુરદાસજીની સાથે રહેવાનું થયેલું એટલે તેની જેમ ખૂબ ઝડપથી બોલાય જાય છે.

પૂ. શ્રીઃ-ધીમેથી બોલવાની ટેવ પાડો. મંત્રને રાગમાં ગાવાની ટેવ પાડો (પૂ. શ્રી શ્રીરામ જયરામ ના રાગ જેવો તે મંત્ર બોલી બતાવે છે.) અને ટેવ પડી હોય ઝડપથી મંત્ર બોલવાની ને બોલાઈ જાય તો વાંધો નથી. ભગવાન તો ભાવ જ જુએ છે મંત્રની ઝડપ માટે ચિંતા નહિ કરો.

આટલી વાતચીત પછી પૂ શ્રી કહે છે: "અમારા રાજકોટ-ના શાંતિભાઇને પણ આવી જ ટેવ છે. દક્ષિણભારતની યાત્રા-



માં અમારી સાથે હતા તો ગાડી ધીમેથી ચલાવવાની સૂચના આપીએ, થોડીવાર ચલાવે, વળી પાછા ચલાવવાની ઝડપ વધારી દે. ઝડપથી ચલાવવાની ટેવ પડી હોય તે જલ્દી જાય નહીં."

આ વાતચીત દરમ્યાન દૂધ સારું નથી આવતું પાણીનો ભાગ વધારે આવે છે એવી ખૂબ સ્પષ્ટ વાતો કરીને દૂધ પીએ છે. નિયમિત લેખન કાર્યમાટે બહાર આવી જાય છે. દશ વાગ્યા સુધી લેખન કાર્ય કરી મારી ભજનોની ડાયરી મંગાવી ભજનો ઉપર સુધારાની દૃષ્ટિએ નજર નાંખે છે. થોડો આરામ કરે છે ત્યાંતો પોણા અગિયાર થવા આવ્યા એટલે પૂ.શ્રી અગિયાર વાગ્યાની બેઠક માટે તૈયારી કરે છે. શેત્રંજી વગેરે પાથરવાનું મને સૂચન કરે છે.

શેત્રંજી પાથરવામાં મને મદદ કરાવવા આ મહાપુરુષ ઉભા થાય છે. કેવા મહાનપુરુષ છતાં કેટલી નાની નાની વાતોમાં પણ તેઓ મદદ આપવા સહજ રીતે તત્પર બને છે!

આજે ઈદ-એ-મિલાદની રજા હોવાથી નોકરિયાત વર્ગને રજા હોઇ ઘણા ભક્ત ભાઇબેનો અગિયાર વાગ્યે બરાબર સમયસર હાજર થયા છે. આજે બેત્રણ ભાઇબેન એવા હતા જેમણે પૂ.શ્રી પાસે મંત્ર દીક્ષા લીધી છે. એટલે આજે પૂ.શ્રી જ પ્રશ્નો પૂછવાની શરૂઆત કરે છે.

પૂ.શ્રીઃ-કોણે કોણે મંત્રો લીધા છે? બરાબર જપ ચાલે છે ને?

જેણે જેણે મંત્ર દીક્ષા લીધી હતી તેઓએ યોગ્ય જવાબો આપ્યા. ત્યાંજ કોઇકે કહ્યું કે, 'કેમ રાજુભાઈ પણ મંત્રજપ-ના કાર્યમાં લાગી ગયાને!'

એ સાંભળી પૂ.શ્રીએ પૂછ્યું:-

પૂ.શ્રી:-રાજુભાઈ, કેટલી માળા કરો છો ?

શ્રીરાજુભાઈ:-દરરોજની પચાસ માળા સવાર સાંજ મળી-ને કરું છું.

પૂ.શ્રી:-બસ, એટલી જ. અમે તમારી ઉંમરે ત્રણ ત્રણ કલાકની બેઠકો લગાવતા અને તે પહેલા રોજની ચારસો માળા કરતા !

પૂ.શ્રીનો આ જવાબ સાંભળી મારાથી સહજ રીતે પૂછાઇ ગયું કે પ્રભુ, આપ પણ ભકતોના માથે હાથ મૂકીને કૃપા કરી દો જેથી સૌ ભકતો ચારસો માળા કરીને આગળ વધવા માંડે.

પૂ.શ્રી:-હાથ મૂકવાની જરૂર નથી, સંકલ્પ-માત્રથી પણ કૃપા થઈ શકે છે. સાચુ પૂછો તો મને કોઇના માથા ઉપર હાથ મુકવાનું ગમતું જ નથી. કોઇને અડવાનું ને કોઈ મને અડે એ પણ ગમતું જ નથી હાથ મૂકયા સિવાય પણ સંત-પુરુષો આશીર્વાદ આપી શકે છે.

એક બેન:-મહાત્માજી, ધ્યાનના એક નવા વર્ગમાં અમે ગયાં હતાં, ત્યાં થોડી જ વારમાં ઘણાં હસે, ઘણાં રડે ને ઘણાં ચીસાચીસ પાડવા લાગ્યાં. મને તો બીક લાગી ને પ્રાર્થના કર્યા કરી ત્યારે મને શાંતિ થઇ. તો શું ધ્યાનમાં એવું થાય ખરૂં ?

પૂ.શ્રી:-ધ્યાન તો શાંત થવાની પ્રક્રિયા છે. અમે જે ધ્યાન સાધના કરી અને કરાવીએ છીએ તે શાસ્ત્રસંમત અને અનુ-ભૂતિને આધારે રચાયેલી છે. બાકી ધ્યાનમાં અશાંતિ કરે એવી કોઈ પણ પ્રક્રિયા થાય તો તે વાત શાસ્ત્રોક્ત નથી. આધાર વિના મનમાન્યુ થાય એવી ધ્યાન સાધનામાં અમે



માનતા નથી એ અશાંતિજન્ય ક્રિયાઓ સાધકના મનની વિકૃત દશાની નિશાની છે. પાતંજલ યોગ-દર્શન, ગેરંડ સંહિતા, હઠયોગ, શિવપુરાણ કે બે ત્રણ ઉપનિષદોમાં યોગનાં વર્ણનો છે પણ એમાં હસવું, રડવું, નાચવું, ગાવું, ભેટવું, એવા ધ્યાનયોગનાં લક્ષણો લખવામાં આવ્યાં નથી. હા ! ભક્તિયોગમાં લાગણીના ઉદ્રેકોને લીધે, ભકત પ્રભુ પ્રેમમાં મસ્ત બનીને રડે, હસે, પ્રલાપ અને નર્તન કરે છે.

ધ્યાનયોગની સાધનામાં જેમ જેમ આગળ ને આગળ વધીએ છીએ. તેમ તેમ શાંત થવાય છે. ઇન્દ્રિયો સત્ત્વગુણી બને, મન ધ્યેય પદાર્થો તરફ જ ગતિ કરે, જીવનમાં સહજ પ્રસન્નતા આવે, બુદ્ધિ સત્યવતી બને, શરીર નિરોગી અને તેજસ્વી બને. આ બધાં લક્ષણો સાથે સંત જ્ઞાનેશ્વરથી માંડીને પરમહંસ યોગાનંદ સુધીના બધા યોગીઓ સંમત થાય છે.

કુંડલિની શક્તિના જાગરણની સાચી સમજ વિષે થોડી વાતો થઇ ત્યાં હરિ ૐ ના મોટા ઉચ્ચાર સાથે, પૂ.શ્રીએ સવારની આ અગિયારથી બાર વાગ્યાની બેઠક પુરી થાય છે, એવી પરોક્ષ સૂચના કરી. સૌ ભકતો હરિ ૐના ઉચ્ચાર સાથે ઊભા થયા. પ્રણામ કરી પ્રસાદ લઇ સૌ વિદાય થયા.

પૂ.શ્રીનો પ્રિય ખોરાક ખીચડી હોવાથી આજે સવારે પણ એજ બનાવજો એવી પૂ.શ્રીની સૂચના હતી. જેથી પૂ.શ્રીએ ખીચડી લીધી. પેપરો વાંચતા પહેલાં એકપત્ર લખાવ્યો. પછી અંદરના પલંગ ઉપર પેપર લઈને આરામ માટે રૂમમાં આવી ગયા.

સાંજે ફરીથી થોડું શીર્ષાસન, દંડ, બેઠકો કરી લીધી. પછી નીચે સૂચના આપવામાં આવી કે શ્રી જીતુભાઇને ફોટાની ઇચ્છા હોય તો લેવા આવી શકે છે. તેથી શ્રી જીતુભાઈ

પોતાના બાળકો સાથે ઉપર આવી લગભગ સવા છ વાગે ફોટાઓ લઈ લીધા. હવે છની બેઠક થશે, નીચે ભકતો ભેગા થઇ રહ્યા છે. ઉપરની ઘંટડીથી ભકતોને સૂચના મળતાં સૌ ઉપર પ્રણામ કરીને આવી રહ્યા છે. આજે છેલ્લો દિવસ હોવાથી ઘણા ભાઇબેનો ફૂલોના હાર લાવ્યા છે. સૌ બેઠા ત્યાંજ શ્રી રમણભાઈ સોનીના પત્નીને થયેલો પૂ.શ્રીનો સ્વપ્નમાં દિવ્ય દર્શનનો અનુભવ કહેવાની ચંપકભાઈએ જાહેરાત કરી. સૌએ તે બેનને થયેલા પૂ.શ્રીના દિવ્યદર્શનના સ્વપ્નાનુભવની વાત સાંભળી, એ ઉપરથી પૂ.શ્રી કહેવા લાગ્યા.

પૂ.શ્રીઃ–ઘણો પ્રેરક ને આશીર્વાદ સૂચક અનુભવ ગણાય. એ રીતે સ્વપ્નમાં મંત્રદીક્ષા કે પ્રેરણા પણ મળે છે. સંતોના ફોટાઓ રાખવાથી પણ પ્રગતિ થાય છે, કલ્યાણ કારક બને છે, તે પણ ઘણું કામ કરે છે. તમારો ફોટાનો અનુભવ કહો જોય. આ આજ્ઞા મને કરવામાં આવી જેથી મેં અમારી શાળાના એક બેનનો અનુભવ કહી બતાવ્યો. વળી પૂ.શ્રીએ પોતાના જીવનનો સાઈબાબાની મૂર્તિનો પ્રકાશદર્શનનો અનુભવ કહી સંભળાવ્યો, ત્યાં સુધીમાં તો ભકતોથી ઓરડો ભરાઈ ગયો. પૂ.શ્રીએ મસૂરીમાં પોતાના ફોટા પાસે કોઈક બેનને ત્યાં બાધા રાખી, કામ થાય એટલે મીઠાઈ ધરે છે. એ વાત પણ કહી.

પૂ.શ્રીઃ–હવે કોઈને પ્રશ્નો પૂછવા હોયતો પૂછી શકો છો.

પ્રશ્નઃ-ભગવાન પાસે કામ થઈ જાય તો સવાશેર પેંડા ને સુખડી ને નાળિયેર મૂકીને કામ કઢાવવાની સોદાગીરી શું ભક્તો નથી કરતા ?

પૂ.શ્રીઃ–ના, ભકતો એને વેપાર નથી સમજતા. ખૂબ પ્રેમથી એ કાર્ય કરે છે. અર્થાત્ ભક્તો કહે છે કે હે ભગવાન, તું



આટલું કામ કરજે. પણ અમે એ કામ તારી પાસે એમ નેમ મફત કરાવવા માગતા નથી. બદલામાં તને સુખડી, સાકર કે નાળિયેર આપીશું. ( છેલ્લા વાકયોને ભકતો હસતાં હસતાં વધાવી લે છે. )

પ્રશ્નઃ-ભગવાનના મંદિરોમાં ઘંટ શા માટે વગાડવામાં આવે છે ?

પૂ.શ્રીઃ–દરેક મંદિરોમાં નથી હોતા. ખાસ કરીને મહાદેવજીનાં મંદિરોમાં હોય છે. તે ભગવાનને જગાડવા નહીં, પણ યોગશાસ્ત્રોમાં કુંડલિની શકિત જાગે ત્યારે ઘંટનાદ સંભળાય છે. જો મનને અંદર વાળો તો સુંદર શબ્દ, નાદ, ઘંટારવ સંભળાશે. પણ ઘણા એમ માને છે કે ભગવાનને જગાડવા માટે અથવા પાર્વતીજી કે લક્ષ્મીજી સાથે ગુપ્ત કોન્ફરન્સનમાંથી બહાર લાવવા ઘંટ વગાડવો. પણ ભગવાન તો ચોવીશ કલાક જાગ્રત જ હોય છે. ( છેલ્લા શબ્દોથી ભકતોમાં હાસ્યનું મોજુ ફરી વળે છે. )

પ્રશ્નઃ-ઘણાને માતાજીનો આવેશ આવે છે તે શું છે ?

પૂ.શ્રીઃ–માતાજીના આવેશથી શું ફાયદો ? ' ધુણવાથી શું લાભ ? હા ! જેને આવે તેને પૈસાની લીલાલહેર, મીઠાઇના પડીકાંઓ આવવા માંડે. ( હસાહસ ) પૂર્વના સંસ્કારોથી કોઇકને, કોઈક સમયે કામ ચલાઉ સમય માટે આવેશ આવે પણ એમાંથી બોધપાઠ લઇને સત્ત્વગુણી બને, ભકિતમાન બને, સાત્ત્વિક ને નૈતિક ઉત્સાહ વધારીને સાધના માર્ગે હિમ્મતવાન બને. આ બધુ આપણે આવકારીએ પણ ધુણવાનું એ બધુ મોટેભાગે ધર્મને નામે ચાલતું હોય છે. ત્યારબાદ તેના અનુસંધાનમાં પૂ.શ્રીએ દેવપ્રયાગની એક પચ્ચીશ વરસની બેનનો પ્રસંગ કહી સંભળાવ્યો.

પ્રશ્નઃ–ધ્યાન કે સ્વપ્નના અનુભવો બીજાને શા માટે ન કહેવા જોઇએ ?

પૂ શ્રીઃ–જેને તેને કહેતા ફરો તો તે કહેશે તમારું છટકી ગયું છે કે શું ? (હસાહસ) વળી કોઇ કહેશે એ તો તમને ભ્રમ થયો હતો. એથી આપણને થયેલા સાચો અનુભવને પણ શ્રદ્ધા વિના ખોટો માનવા મંડીશું. એટલે જેને તેને કહેવાથી શ્રદ્ધા ડગમગવા માંડે. વળી જેને કહીએ તે કદાચ તમને કહેશે કે ખૂબ સરસ અનુભવ તમને થયો, તમે ખૂબ આગળ વધી ગયા, અને જો આપણું મનોબળ નબળું હોય, આપણે જાગ્રત ન હોઇએ તો કદાચ અભિમાન પણ આપણામાં આવી જાય. શાસ્ત્રોએ ગોપનીય કહ્યું છે. પણ સરખા વિચારો વાળા ધર્મપ્રેમીભાઇઓને કહેવામાં વાંધો નહીં.

પ્રશ્નઃ–રજપૂતાણીઓ જોહર કરતી તે સ્વર્ગની કામનાને લીધે કરતી હશે ?

પૂ.શ્રીઃ–સ્વર્ગ મળે કે નહીં તેતો કોઇના પત્રો આવ્યા નથી કોઇના તાર પણ, અરે ! પંદર પૈસાનું પોસ્ટ કાર્ડ પણ લખતાં નથી. એટલે શું ખબર પડે ? (હસાહસ) પણ મોગલોના આક્રમણ સામે પોતાના શીલની રક્ષા કરવા પરધર્મ કે પરપુરુષના શરણે જવા કરતાં બળી મરવાનું તેમને યોગ્ય લાગતું.

પ્રશ્નોત્તરી પૂરી થતાં શ્રી રમણભાઈ સોનીને પૂ.શ્રીએ બોલવાનું કહ્યું. તેથી તેમણે ખૂબ સુંદર સુયોગ્ય શબ્દોમાં પૂ.શ્રીના કાર્યને અંજલિ આપી. પછી શ્રી ચંપકભાઇ શાહ (જેઓ ધ્યાનકેન્દ્રના સક્રિય સભ્ય છે જેઓ શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ તરફથી મફત અંગ્રેજીના વર્ગો ચલાવે છે જેમાં

(અનુસંધાન પાના ૬૨ ઉપર)



મોહમયી મસૂરી નગરીમાં

# એક યાદગાર સંકીર્તન યાત્રા

નારાયણ હ. જાની

મસૂરી તો ભોગનગરી, એમાં વળી પ્રભુના નામનો જયઘોષ, અરે, એક સંતની સંકીર્તનયાત્રા ! આશ્ચર્ય લાગે એવી વાત. ખરું કે નહીં ? પણ તે એક હકીકત બનીને રહી. પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના લગભગ ત્રણસો જેટલા અનુયાયીઓ અને ભક્તોએ–છેક મુંબઇ અને ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી એકત્રિત થઈ મસૂરીના સનાતન મંદિરથી માંડી લક્ષ્મીનારાયણ મંદિર સુધીના લગભગ ત્રણ કિલોમીટર જેટલા માર્ગને પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના જયઘોષથી, પ્રભુના નામની ધૂનોથી ગજાવી મૂકયો છે.

ભકતોના જયઘોષથી વાતાવરણ તો પવિત્ર અને મંગલ બને જ. સાથે સાથે સાધકોના પ્રભુનામની મસ્તી ભર્યા ચરણોથી આ માર્ગોની ધૂળ પણ જાણે આજે ધન્ય બની. ભોગ વિલાસના ભાવોથી ભરેલા હજારો નહિં, બલ્કે લાખો લોકોનાં ચરણો આ ધરતી ઉપર આજદિન સુધી મંડાતાં રહ્યાં છે, પરંતુ હૈયામાં પવિત્ર ભાવો ભરેલા માનવોનાં ચરણો તો જવલ્લેજ મંડાયને ! એટલે ધરતીય ધન્ય બની. સામાન્ય રીતે ધૂમ્મસ અને વાદળોમાં છૂપાઈ રહેતો પેલો સૂર્ય પણ જાણે આ વિલાસી નગરીનું નવું ભાવભક્તિ પૂર્ણ સ્વરૂપ નીહાળવા આજે પૂર્ણપણે પ્રકાશી ઊઠ્યો છે. આસપાસની નીરવ રહેતી એ પર્વતીય ખીણો પણ પ્રભુના નામના જયઘોષોથી આજે મુખરિત બની ઊઠી છે ! કેવું અનુપમ છે એ દશ્ય !

એક ભોગ પ્રધાન નગરીમાં પૂ. માશ્રી સર્વેશ્વરીના સાંન્નિધ્યમાં પ્રભુના નામની આવી મસ્તી એ તો એક વિરલ વસ્તુ બની. અનેક યુવાનો અને યુવતીઓ, પ્રૌઢો અને પ્રૌઢાઓ પણ આ સંકીર્તન યાત્રામાં પોતાની જાતને ભૂલીને, આનંદ વિભોર બનીને મહાત્માશ્રી યોગેશ્વરજીની ધૂન ગાવા અને ગવરાવવામાં બધાજ પ્રકારની સામાજીક કે લૌકિક લજ્જાને કોરે મૂકી મસ્તીમાં મહાલી રહ્યાં ત્યારે લાગ્યું કે જાણે-"પગ ઘુંઘર બાંધ મીરાં નાચી રે, નાચી રે, નાચી રે." એ પાંચસો વર્ષ પહેલાંની મીરાં સજીવ બનીને અનેક સ્વરૂપે આજે પ્રભુનો મહિમા ગાવા ન ઉતરી આવી હોય ! ચૈતન્ય મહાપ્રભુની સંકીર્તન મંડળી જાણે બીજા સ્વરૂપે નવદ્વીપથી અહીં ઉતરી આવી ન હોય એવું લાગતું.

તા. ૧૮ માર્ચ, ૧૯૮૭ નો એ દિવસ મસૂરીમાં મહાત્માશ્રી યોગેશ્વરજી ફાઉન્ડેશન સેલિબ્રેશન ડે'નું આયોજન મસૂરીની ગાંધીનિવાસ સોસાયટીના આશ્રયે કરવામાં આવ્યું; ત્યારે આયોજકોને કલ્પના પણ નહોતી કે ગુજરાત ને મુંબઇથી આટલાં બધાં ભાઇબહેનોનાં વૃંદો, પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના નિમંત્રણને માન આપી, મસૂરીની ધરતી ઉપર ઉતરી પડશે ? અરે ! દસેક જેટલાં ભાઇબહેનો તો છેક અમેરિકા અને કેનેડાથી આવ્યાં !

લૌકિક કામો માટે તો માણસો પ્રવાસો કરે, પૈસા ખર્ચે ને પરિશ્રમ ઉઠાવે, પણ ભલા, પ્રભુના નામના ગુણાનુવાદ ગાવા, એના પ્યારા ભક્તોનો મહિમા વધારવા-નાતજાતના ભેદભાવ ભૂલી, કેવળ પ્રેમભક્તિ નાતે જોડાઇ-શ્રદ્ધાપૂર્વક માણસ આવે ત્યારે ઘડીભર વિચાર થઇ જાય કે હે પ્રભુ, તારા નામમાં કેવો જાદુ ભર્યો છે !



રસ્તાની સડકો પર અને દુકાનોનાં પ્રવેશદ્વારો પર ઊભા રહીને અનેકો આ વિરલ દશ્ય નિહાળી રહ્યા છે. કેટલાકને સમજાતું નથી કે આ શું છે ? લોકો આટલા બધા આનંદમગ્ન બની કેમ નાચે છે ?

એક રાહદારીએ કુતૂહલવશ પૂછ્યું ભૈયા, આપ લોક કયોં નાચ રહે હો ! કયા બાત હૈ ! બતાઓ તો સહી !"

સંકીર્તન યાત્રામાં જોડાયેલ એક સાધકે કહ્યું, " આ કોઈ લગ્નની બારાતના સભ્યો નથી. કે નથી કોઇ ચૂંટણીમાં વિજયી બનેલાનું સરઘસ. આ તો મસૂરીમાં ગાંધીનિવાસ સોસાયટીમાં વર્ષના થોડા મહિના માટે રહેવા આવતા અમારા ગુરુદેવ મહાત્મા શ્રી યોગેશ્વરજીની પુણ્યતિથિ પ્રસંગે બહારગામથી આવેલા ભક્તો-તેમની અને પ્રભુના નામની ધૂન બોલાવી રહ્યા છે.

પછી પેલા રાહદારીને પ. પૂ. યોગેશ્વરજીની વાહનમાં ઊભી રાખવામાં આવેલ તસ્વીર તરફ આંગળી ચીંધી. તદ્દન અપરિચિત હોવા છતાં પણ પૂ. શ્રીની પ્રભાવશાળી પ્રતિકૃતિનું દર્શન કરી એ ભાઇએ હાથ જોડી મસ્તક નમાવ્યું. અજાણ્યા એ માણસની સ્વાભાવિક ચેષ્ટામાં આપણને ભારતીય સંસ્કૃતિનું દર્શન થાય છે. સંત એ સંત છે-એ કોઇ દેશ, પ્રદેશ કે સમાજના નથી એની પ્રતીતિ આવા પ્રસંગે થાય છે.

ગાંધીનિવાસ સોસાયટી સંચાલિત મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિરનાં બાળકો સુંદરગણવેષમાં આગળ બેન્ડ બજાવતાં, સંકીર્તન યાત્રાને દોરી રહ્યાં છે. એની પાછળ ચાલી રહ્યું છે યુવાન સાધક સાધિકાઓનું મોટું વૃન્દ. તેઓ થોડા થોડા અંતરે વર્તુલો રચી, પ્રભુના નામની, ગુરુદેવના નામની ધૂન બોલાવે છે. નાચે છે, કૂદે છે ને મસ્ત બની ગાય

છે. મસૂરીના ચઢાણુ ઉતરાણુવાળા ઢાળોની થકાવટ એમના મુખઉપર જણાતી નથી.

એની પાછળ ધીમી ગતિએ ચાલી રહેલા વાહનમાં પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની વરદ્દહસ્ત મુદ્રાવાળી અને બીજી તસ્વીરો ફુલહારોથી શોભી રહી છે. તેના પાછળના ભાગમાં પૂ. શ્રી યોગેશ્વરજીની અમેરિકાથી લાવેલ છ ફુટની સુંદર મઢાવેલી તસ્વીર જીવંતતાની જાણે પ્રતીતિ કરાવી રહી છે.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીને આજે ૧૦૯૫ મો ઉપવાસ છે. આજે માને નિર્જળા વ્રત છે, છતાં તેઓ આ વાહનની પાછળ પાછળ પૂ. શ્રીની એકધારી ધૂન બોલાવતાં બંધ આંખે પગલાં માંડી રહ્યાં છે. શરીર યંત્રવત ચાલી રહ્યું છે, શરીરનું ખાસ ભાન નથી. મન પૂ. ગુરુદેવના સ્મરણમાં ખોવાયેલું છે. પ્રખર સૂર્યની ગરમી કે ચઢાઈ ઉતરાઈનો થાક પૂ. માના મુખઉપર વરતાતો નથી. સતત બે અઢી કલાકની આ પદયાત્રામાં પૂ. મા જાત ભૂલીને ધૂનો સાથે તાલ મીલાવતાં ચાલી રહ્યાં છે.

આટલા બધા એકધારા ઉપવાસોને લીધે પૂ. માની આ પદયાત્રાના પરિશ્રમની કેટલાક ભક્તો ચિન્તા કરી રહ્યા છે. પૂ. માને વાહનમાં બેસવા વિનંતી કરે છે. પણ આજે પૂ. મા મસૂરીની આ ધરતીને ત્રણ ચાર વર્ષ પછી પોતાનો પવિત્ર પદસ્પર્શ આપી કૃતાર્થ કરવા જાણે મક્કમ છે. તેઓ એકધારાં ચાલી રહ્યાં છે. પોતાના ગુરુદેવના જયઘોષોને પ્રભુના નામની ધૂનો પૂ. મામાં જાણે શક્તિ પૂરી રહ્યાં છે.

અનેક સ્થૂળ પદાર્થો ને માનવ નયનોને પાવન કરતી એ સંકીર્તન યાત્રા લગભગ દોઢ વાગે લક્ષ્મીનારાયણ મંદિર આવી પહોંચે છે. અહીં પ્રભુનાં દર્શન કરી ભક્તો બેસી જાય



છે. પૂ. ગુરુદેવ આ મંદિરમાં દર વર્ષે એકવાર પ્રવચન માટે આવતા એ વાતનો પૂ. મા ઉલ્લેખ કરે છે.

અહીં પણ ભક્તો 'લક્ષ્મીનારાયણ' ભગવાનની અને યોગેશ્વર ભગવાનની ધૂન બોલાવે છે. પવિત્ર મંદિરના પટાંગણમાં સંકીર્તનની હેલી જાણે વરસી રહે છે, કારણ કે પૂ. મા હવે ધૂન બોલાવે છે. બધા પોતાની જાત ભૂલી તન્મય બને છે.

લક્ષ્મીનારાયણ મંદિરના પૂજારી પૂ. માનું અભિવાદન ને સ્વાગત કરે છે. બધા જ ભક્તોને પ્રસાદ વહેંચાય છે.

'મહાત્મા યોગેશ્વર ફાઉન્ડેશન સેલિબ્રેશન ડે'નો પ્રારંભ, પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી જે હોલમાં બેસી દરરોજ પ્રવચન કરતા, ત્યાં પૂ. શ્રીની મોટી તસ્વીરના પૂજનથી થાય છે. ગુજરાતના જાણીતા અગ્નિહોત્રી જ્યોતિષાચાર્ય શ્રી કપિલદેવ શર્માના હાથે ગાંધીનિવાસ સોસાયટીના કાર્યકરો શ્રી રતનલાલજી, શ્રી નંદાજી, શ્રી શર્માજી, શ્રીમતી ગર્ગ વગેરે દ્વારા કરાવવામાં આવે છે. વેદના મંત્રોના ધ્વનિથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઊઠે છે. આખો હોલ હકડેઠઠ ભરાયેલો છે. મસૂરીના કેટલાક લોકો પણ એમાં સામેલ છે. પૂજનવિધિ પૂરી થતાં બધા પૂ. માને વંદન કરી, સંકીર્તન યાત્રા માટે વિખરાય છે.

આ પ્રસંગે આવેલ બધા જ ભાઈબહેનોના ઉતારાની તેમજ ભોજનની બધી વ્યવસ્થા ગાંધી નિવાસ સોસાયટીના કાર્યકરો તરફથી કરવામાં આવી છે. વળી પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જીવનની ઝલક દર્શાવતું, એક નાનું સરખું પ્રદર્શન પણ હોલના ઉપરના ભાગમાં યોજવામાં આવ્યું છે. પ્રસંગને અનુરૂપ સ્મરણિકા પણ પ્રસિદ્ધ કરાઇ છે.

બપોરના ભોજનબાદ હેકમેન હોટેલના સભા ખંડમાં શાળાના બાળકોનો સુંદર મનોરંજન કાર્યક્રમ રજુ થાય છે. એમાં સરસ્વતી શિશુમંદિર ઋષિકેશના બાળકો પણ ભાગ લે છે.

એના ઉત્સાહી આચાર્યના લીધે એ શક્ય બન્યું છે.

આ સમારંભમાં ગુજરાતના સાધકો, સર્વમંગલ ચેરિ-ટેબલ ટ્રસ્ટ તેમજ અન્ય વ્યક્તિઓ તરફથી સોસાયટીને ભેટની જાહેરાત કરવામાં આવે છે.

આ મનોરંજન કાર્યક્રમમાં ભાગ લેનાર બધાંજ બાળકો તેમજ શિક્ષકગણને શ્રી ભગવાનજીભાઇ ભક્ત તરફથી સ્ટેઇનલેસ સ્ટીલનાં ટીફીનબોક્સ ભેટ આપવાની જાહેરાત થાય છે. સરસ તબલાં વગાડતા એક નાના વિદ્યાર્થીને પૂ. મા રૂા. ૧૦૧ ભેટ આપે છે.

પૂ. મા પોતાના પ્રવચનમાં પૂ. મહાત્માજીના જીવનનાં વિવિધ પાસાંઓની રજુઆત કરી, એ મહાપુરુષની મહાનતાને અંજલિ અર્પે છે.

ગુજરાતના સાધકો વતી શ્રી હરિભાઇ ભોજાણી સોસા-યટીના કાર્યકરો અને મસૂરીની જનતાનો આભાર વ્યકત કરે છે.

રાત્રે પૂ. શ્રીના પ્રવચનની વિડિયો કેસેટ નિહાળી ભક્તો ભાવવિભોર બની જાય છે. પૂ. શ્રી જાણે પ્રત્યક્ષ બોલી રહ્યા હોય એવી લાગણી અનુભવે છે.

મસૂરીની સંકીર્તન યાત્રા એટલે જીવનનો એક વિરલ દિવસ.

ગુજરાતના સાધકોને મસૂરી સુધી પહોંચાડવાની સુવિધા શ્રી બાબુભાઇ વોરા, તેમજ વડોદરાના શ્રી જીતુભાઇ ગાંધી, વિનુભાઇ અમીને કરી છે.



# ભગવાન સ્વામિનારાયણ

લક્ષ્મીચંદ શામજી દેઢિયા

બિચારી પૃથ્વી ! બધાય એના ધણી હોવાનો દાવો કરતા હતા પણ એનો ખરો ધણી કોઇ નહોતો. ઇ.સ.ની ૧૮ મી સદી એટલે અસ્તવ્યસ્તતા, અંધાધૂંધી અને અવ્યવસ્થામાં અટવાયેલું ભારત. એ વખતે એક આશાનું કિરણ ઉદ્ભવિત થતું સૌએ જોયું-જે જનોને આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત કરવાના હતા, અમૃતપાઈ અમર કરવાના હતા. સર્વેને મુક્ત કરવા પ્રભુ સ્વયં પ્રગટ્યા. લોકો એમાં સમાવા દોડ્યા -એટલા માટે કે એ શાશ્વત શાંતિની શીતળ ધારામાં પોતે પણ સ્નાન કરી પાવન થાય. પ્રભુ સ્વયં પ્રગટ્યા. વિ. સં. ૧૮૩૭ ના ચૈત્ર મહિનાની નોમનો શુકલપક્ષનો ચંદ્ર ઘનશ્યામ પ્રભુનું મુખ નિહાળવામાં અવરોધ કરતા વાદળોને ફૂદકા મારી વટાવવા લાગ્યો. પૃથ્વી સુગંધિત બની ગઈ. 'એનો ખરો ધણી આવી ગયો !'

ગામ છપૈયા, માતા ભક્તિદેવી, પિતા ધર્મદેવ. કુળ સર-વરિયા બ્રાહ્મણ, બાળપણનું નામ ઘનશ્યામ.

ઘનશ્યામનું કાર્ય હતું મુમુક્ષુને અભયદાન આપવાનું. ઘનશ્યામ સત્ય જ્ઞાન પીરસી જનતાને પુણ્યના પથ પર પ્રયાણ કરાવવાના હતા. વચ્ચે કાંટા તો હોય જ. તેને દૂર કરવાનું કામ સુગમ ન હતું. ઘનશ્યામ ચાર વર્ષના થયા અને સૌરાષ્ટ્રના ભાદરા ગામે વિપ્રદંપતિને ગૃહ સાક્ષાત્ અક્ષર-ધામ-પ્રભુ રહેવાનું ધામ-સ્વયં પ્રગટ્યા. ઉપવીત ધારણ કરેલા ઘનશ્યામે આઠ વર્ષની ઉંમરે સકળ શાસ્ત્રોનો અભ્યાસ કરી

લીધો. કાશીમાં યોજાયેલી ધર્મચર્ચામાં તેમણે "વિશિષ્ટાદ્વૈત" તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો.

ઘનશ્યામ પ્રભુ ૧૨ વર્ષના થયા. માતા–પિતાએ આ લોકમાંથી પ્રયાણ કરી લીધું હતું. જગતની ક્રિયા તરફ અણગમો દર્શાવતા ઘનશ્યામ ઘણીવાર પીપળાના વૃક્ષ પર ચડી પશ્ચિમ દિશા તરફ દૃષ્ટિ નાખતા–પોતાની રાહ જોતા ભક્તજનો પ્રત્યે.

તીર્થોને તીર્થત્વ અર્પવા ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો. ચરણમાં ચાખડી નથી, કૌપીનભર શરીર છે, હાથમાં માળા અને ગળામાં શાલીગ્રામનો બટવો, જળપાન માટે તૂંબડી અને શાસ્ત્રોના સારરૂપ ગુટકો–આ ઘનશ્યામના સાથી છે. તપના તેજથી ઓપતા આ બ્રહ્મચારીને લોકો નીલકંઠ નામથી આવકારે છે.

જંગલ ભયકારી છે. વનમાં હિંસક પશુઓ છે. નીલકંઠને નિહાળતાં તેમની હિંસક વૃત્તિઓ નિર્મૂળ થઈ જાય છે. વિચરણ કરતા નીલકંઠ પુલહાશ્રમે પધાર્યા. અહીં બ્રહ્મના પુત્ર પુલહે તપ કરેલું, ભરતજીએ જે જગ્યાએ તપ કરેલું તે ભરતકૂંડ પાસે તપ કરવાનો નિશ્ચય તેમણે કર્યો. નીલકંઠે છ માસ ઉગ્ર તપ કર્યું.

અસુરોનો અનેકવિધ કળાથી નાશ કરતા, મુમુક્ષુને અભય અર્પતા, વહેમવિષયની નાગચૂડમાં ફસાએલાઓને મુક્તિ અપાવતા નીલકંઠ મહાપ્રભુએ ઉત્તરે હિમાલય, પૂર્વમાં બંગાળ, દક્ષિણમાં રામેશ્વર સુધી પરિભ્રમણ કર્યું. સાત-સાત વર્ષના વનવિચરણ બાદ દક્ષિણેથી પશ્ચિમમાં પધાર્યા.

લોજપુર ગામમાં રામાનંદ સ્વામી નામના સંતનો આશ્રમ છે. મુક્તાનંદ સ્વામી તેમના મુખ્ય શિષ્ય છે. નીલકંઠ વાવ



પર બેઠા છે, સ્વસ્વરૂપના ધ્યાનમાં મગ્ન છે. બદન અને વદનમાંથી નીકળતા તેજથી આસપાસના લોકો ખેંચાયા. સુખાનંદ નામના સાધુ ત્યાં આવ્યા. વૃત્તાંત પૂછ્યું: 'ક્યાંથી આવો છો ? કોણ માતા પિતા છે ?'

'ત્યાગીને નાત જાત ન હોય. ભવબંધનથી મૂકાવે એજ, માતા પિતા ને ગુરુ.'

બ્રહ્મચારીને સુખાનંદ આશ્રમમાં લઇ ગયા. મુક્તાનંદ સ્વામીને વનવિચરણમાં બધાને પૂછેલા પાંચ પ્રશ્નો પૂછ્યા ! 'જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો શું છે ?' ઉત્તરથી સંતોષ પામતાં નીલકંઠ બ્રહ્મચારી લોજપુરમાં જ રોકાઇ ગયા. રામાનંદ સ્વામીની રાહ જોતાં–જોતાં નીલકંઠે ત્યાંજ કાર્ય આરંભી દીધું : સાધુઓ બાજુના ઘરમાંથી ગોખલા દ્વારા દેવતાની આપ–લે કરતા, ક્યારેક સ્ત્રી પણ દેવતાની આપ–લે કરવા આવતી. સાધુને ધન અને સ્ત્રીનો અષ્ટપ્રકારે ત્યાગ હોવો જોઇએ. નીલકંઠ મહાપ્રભુએ ધર્મમાં છિદ્ર રૂપ ગોખલો પુરાવ્યો. આશ્રમની સેવા કરવા લાગ્યા. ચમત્કારો બતાવ્યા.

ઇતિહાસને સુવર્ણાક્ષરે શોભાવનારો પ્રસંગ રાહ જોઈ રહ્યો હતો.

રામાનંદ સ્વામી સંવત ૧૮૫૮માં સ્વધામ પધાર્યા. ૧૪મે દિવસથી સહજાનંદ સ્વામીએ 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરવાના સત્સંગી માત્રને આદેશ અર્પ્યો. શીતળદાસ નામનો એક મુમુક્ષુ રામાનંદ સ્વામીના દર્શને આવ્યો હતો. રામાનંદ સ્વામીના દેહત્યાગના સમાચાર જાણી નિરાશ થયેલા શીતળદાસને નારાયણમુનિએ 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરવા બેસાડ્યો. શીતળદાસને સમાધિ થઈ. તેમાં

રામાનંદ સ્વામીએ કહ્યું 'સહજાનંદ સ્વામી પૂર્ણપુરુષોત્તમ નારાયણ છે.' ત્યાં બેઠેલા સર્વેને સ્વામિનારાયણ મંત્રનો જાપ કરતાં સમાધિ થઈ, તેમાં પોતાના ઇષ્ટદેવનાં દર્શન થયાં. યોગવિના સમાધિ કરાવનાર સહજાનંદ સ્વામીના પૂર્ણ-પુરુષોત્તમપણાનો ખ્યાલ સૌને આવ્યો.

અનેક જીવોના કલ્યાણ અર્થે સહજાનંદ સ્વામીએ કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્રમાં અવિરત વિચરણ કર્યું. તેમનો પ્રભાવ ચારે તરફ પ્રસરતો ગયો. તેમના ઐશ્વર્ય પ્રતાપથી અનેક મોટા મોટા તેમના શિષ્યો બનવા લાગ્યા. સદાચારના પંથે પ્રયાણ કરાવતી સહજાનંદ સ્વામીની વાણીથી સજ્જનો સુખી થયા, દુર્જનો દ્વેષથી દાઝી ઉઠ્યા.

ઈર્ષાની આગથી ભડભડ બળતા અસુરોએ ઉપદ્રવ કરવાનું શરૂ કર્યું. સ્વામિનારાયણના સંતોને હેરાન કરવાની પદ્ધતિ તેમણે અખત્યાર કરી. કંઠી તોડી નાખવી, પૂજા ફેંકી દેવી, સ્ત્રી–ધનના ત્યાગી સંતોના વૃત્તભંગ કરવા સ્ત્રીઓ સામે મોકલવી, ભિક્ષાની ઝોળીમાં અભક્ષ્ય પદાર્થ નાંખવા–આ બધા તેમના સામાન્ય તરીકા હતા.

'શ્રી જી મહારાજ'ના હુલામણા નામથી ઓળખાતા સ્વામી સહજાનંદે આચાર-વિચાર શુદ્ધ રાખવાનું શીખવ્યું. યજ્ઞોમાં થતી હિંસા વેદોક્ત નથી એમ જણાવી અહિંસામય યજ્ઞો શરૂ કર્યાં. માંસ-મદિરામાં રચ્યા પચ્યા રહેતા દંભી ગુરુઓ પર કરાળ ફટકો પડ્યો. અહિંસામય યજ્ઞોનો વિરોધ શરૂ થયો. સં. ૧૮૬૫ માં જેતલપુર ગામે મહારાજે અહિંસા-મય યજ્ઞ શરૂ કર્યો. એ વખતે અમદાવાદના પેશ્વાનો સાથ મેળવી વામપંથીઓએ મહારાજને તેલના ટાકામાં ડૂબાડી મારી નાંખવાનું અધમ તરકટ રચ્યું, પણ આવાં તરકટો



પૂર્ણપુરુષોત્તમ સામે કાંઈ વિસાતમાં ન હતાં. ડભાણમાં મહારાજે બીજા જ વર્ષે અદ્‌ભૂત અહિંસામય યજ્ઞ કર્યો. અંગ્રેજોનું શાસન આવતાં દ્વેષીઓના હાથ હેઠા પડ્યા. કાળાંતરે શ્રીજી મહારાજના પ્રતાપે હિંસા-મય યજ્ઞો બંધ થયા. અહિંસામય યજ્ઞો થવા લાગ્યા. ભગવાન સ્વામિનારાયણ-ના કરુણામય પુરુષાર્થના પરિણામે નિર્દોષ જીવોની નિરર્થક હત્યા થતી બંધ થઈ.

શ્રીજી મહારાજના દિવ્ય આકર્ષણથી અનેક લોકો ખેંચાવા લાગ્યા. મહારાજે સમાજમાં અનેક સુધારા કર્યા. નીચતાની ખીણમાં ગરક થઇ ગયેલા સમાજને ઉન્નતિના શિખરે ચડાવ-વાનું અતિ કઠીન-કાર્ય કરનાર ભગવાન સ્વામિનારાયણને જગત સદા વંદન કરતું રહેશે.

લોક સમાજમાં પ્રવર્તતા કુરિવાજો અને અજ્ઞાનતા દૂર કરી તેના સ્થાને સદ્‌વિચાર, શિષ્ટાચાર, અને ધાર્મિકતાના કરેલા સ્થાપનને કારણે પરધર્મીઓ તથા ઇસાઈ પાદરીઓ પણ પ્રભાવિત થયા. જસ્ટીસ રાનડે એમને Last of thə Hindu–Reformers કહી બીરદાવે છે.

વામપંથી, ફૂડાપંથીઓની આવક સદ્‌ધર્મનું સ્થાપન થતાં બંધ થઇ ગઈ. સમાજ સાચા સાધુઓને ઓળખવા લાગ્યો. અસાધુઓ ખુલ્લા પડી ગયા. અને એથી પહેરવેશને કારણે ઓળખાઇ જતા સ્વામિનારાણીય સાધુઓને વધુને વધુ ગાળ આપવાનું તેમણે શરૂ કર્યું. મહારાજે એનો પણ ઉપાય કર્યો. એમણે આ વખતે જે પગલું ભર્યું તે જગતના ઇતિ-હાસમાં અજોડ અને અદ્વિતીય છે.

ભગવાન સ્વામિનારાયણે કાલવાણી ગામમાં એક જ રાતમાં પાંચસો પરમહંસો બનાવ્યા. એક વિશાળ આંદોલન ચાલ્યું,

જેમાં ધર્મની પરંપરાઓ માટે સદ્ભાવ વધ્યો, શિસ્તપાલન માટે આગ્રહ થયો.

શ્રીજી મહારાજે આધ્યાત્મિક ક્ષેત્રની જેમ સામાજીક તથા સાંસ્કૃતિક ક્ષેત્રે પણ સર્વને ઉન્નતિના શિખરે પહોંચાડ્યા.

શિલ્પ સ્થાપત્ય કળાના અદ્‌ભૂત નમૂના સમા મંદિરો રચ્યાં. સ્વામિનારાયણીય મંદિરના ઘુમ્મટમાંથી વરસતી અમી-ધારા અનેક જીવોને પાવન કરે છે.

સંસ્કૃતજ્ઞ પંડિતોની વિદ્વતાએ સંપ્રદાયની વૈદિકતા સિદ્ધ કરવામાં મોટો ફાળો આપ્યો છે. ૨૧ વર્ષના યુવાનના હસ્તે પરમહંસની દીક્ષા ગ્રહણ કરનારા માંધાતાઓએ શ્રીજી મહા-રાજમાં કેવું ઐશ્વર્ય નિહાળ્યું હશે !

સંગીત કળાના પોષક તરીકે શ્રીજી મહારાજ પ્રખ્યાત છે. તેમના અષ્ટકવિઓએ હજારો કીર્તન રચ્યાં.

૨૮ વર્ષનાં સતત વિચરણ દરમ્યાન મહારાજે સંપ્રદાયનો પાયો પાતાળમાં રોપ્યો હતો, વ્યવહાર અને મોક્ષની સમજણ માટે એમણે 'શિક્ષાપત્રી'રૂપી અમૃત પીરસ્યું. તેમણે ઉદ્‌-બોધેલી પરાવાણી 'વચનામૃત' તરીકે વિશ્વમાં પ્રખ્યાત છે.

૪૯ વર્ષની વયે શ્રીજી મહારાજે જીવનલીલા સંકેલી. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને ભજવાનો આદેશ આપ્યો. હજી માંડ ૨૦૦ વર્ષ પૂર્વે સ્વામિનારાયણે સદાચાર પ્રવૃત્તિનું જે બીજ વાવેલું તેનું આજે બહુ પાંગરેલું વટવૃક્ષ જોઈને, તેમનું આ ઉદ્ધારકાર્ય અનુભવીને આપણે પણ તેમના કૃતજ્ઞ છીએ.



# સ્વતંત્રતા

કમલ સુથાર

સ્વતંત્રતા એ પરમાત્માએ બક્ષેલું દિવ્ય વરદાન છે. સ્વ-તંત્રતામાં જ જીવનના વિકાસની શકયતાઓ રહેલી છે. જીવનના અનેકવિધ ક્ષેત્રોમાં સ્વતંત્ર મનુષ્ય જ ઝડપી વિકાસ અને પ્રગતિ કરી શકે છે.

વૈચારિક સ્વતંત્રતા, ધર્મપાલનની સ્વતંત્રતા, વૈયક્તિક સ્વતંત્રતા એ પ્રત્યેક માનવીનો મૂળભૂત અધિકાર છે.

જે જન્મ-મરણના બંધનમાંથી મુકત બને છે તે પરમ-સ્વતંત્ર છે. પરમ મુકત છે. આવા મુકતાત્માઓ પરમાનંદમાં સ્થિર રહી શકે છે. આવા સિદ્ધાત્માઓને સંસારની કોઇ પણ આસકિતઓ બાંધી શકતી નથી. એ સુખ-દુઃખ, માન-અપમાન, રાગ-દ્વેષ, હર્ષ-શોક, આઘાત-પ્રત્યાઘાત આદિ દ્વન્દ્વોમાંથી પર બની મુકત રહી શકે છે. સંસારની કોઇ પણ ભૌતિક તાકાત એમને વિચલિત કરી શકતી નથી. આવા મુક્તાત્માઓ પરમ સ્વતંત્ર છે. એમનામાં દિવ્ય ખુમારી હોય છે.

સ્વામી રામતીર્થ પરમ સ્વતંત્ર, પરમ મુક્ત મહાપુરુષ હતા. એ પૂર્ણ સમર્થ હતા. પ્રકૃતિ ઉપર એમનો પૂર્ણ અધિકાર હતો. પ્રકૃતિ એમની આજ્ઞાનું પાલન કરતી. એમની સંકલ્પ-શક્તિ દિવ્ય હતી. એ જે કોઇ સંકલ્પ કરતા તે સિદ્ધ થતા. હિમાલયને પણ હચમચાવવાની એમનામાં દિવ્ય અમોઘ શકિત હતી. તે પરમ મુક્ત મહાપુરુષ હતા. સ્વતંત્રતામાં તે શ્વાસ લેતા. સ્વતંત્રતામાં વિચરતા, સ્વતંત્રતાની દિવ્ય સુવાસ તે ચારે તરફ ફેલાવતા. અને જન્મ-મરણના સાંસારિક વાસના-ઓના બંધનમાં જકડાયેલા મુમુક્ષુઓને પરમ સ્વતંત્ર બનાવવા

તે હરક્ષણે પ્રયત્ન કરતા. પ્રેરણા આપતા. પરમ સ્વતંત્રતાના આવા પ્રેરકદીપો કદી બુઝાતા નથી.

મહાત્મા ગાંધીજી સ્વતંત્રતાપ્રિય આવા પ્રેરકદીપ હતા. તેમણે અનેક યાતનાઓ વેઠી, અનેક કષ્ટો સહી ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કર્યો. દેશને સ્વતંત્રતા અપાવી. આજે તેમનો ભૌતિક દેહ ન હોવા છતાં આ સ્વતંત્રતા પ્રિય મહાપુરુષ અમર છે.

સ્વતંત્રતા જ જીવનનો પ્રાણ છે. સ્વામી વિવેકાનંદ પણ સ્વતંત્રતા પ્રિય પરમ મુક્ત મહાપુરુષ હતા. તેમણે કહ્યું છે : "સ્વાધીનતા, સ્વતંત્રતા વિકાસનું પ્રથમ ચરણ છે."

જેમણે ભારતને ગુલામીના બંધનમાંથી મુક્ત કરવા અથાગ પ્રયત્ન કર્યો અને જાપાન જઈ આઝાદ હિન્દ ફોજની રચના કરી એવા પ્રખર મેધાવી, શક્તિશાળી, સ્વતંત્રતા પ્રિય મહાપુરુષ સુભાષચંદ્ર બોઝે કહ્યું છેઃ–"પરાધીન રહેવું એ માનવ માટે ક્રૂરતમ અભિશાપ છે. માનવતાનું સંગીત સ્વતંત્રતા તરફ અગ્રસર થાય છે." મહાત્મા ગાંધીજી કહેતાઃ–"સ્વાધીનતા અને દાસતા એ મનનો ખેલ છે. જેનું મન સ્વાધીન છે તે વિષ્ઠાનો ટોપલો ઉપાડવા છતાં પણ રાજા છે." અમેરિકાના પ્રથમ સ્વતંત્રતા પ્રિય રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમલિંકને કહ્યું છે : "જે બીજાઓને સ્વતંત્રતાથી વંચિત રાખવા પ્રયત્ન કરે છે તે સ્વયં પણ સ્વતંત્ર થવાના અધિકારી નથી બનતા અને ઈશ્વરની સૃષ્ટિમાં તે વધારે દિવસો સુધી પોતાની સ્વતંત્રતા કાયમ નથી રાખી શકતા." શાસ્ત્રોમાં કહ્યું છે : "મન એવં મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ" અર્થાત્ બંધન અને મોક્ષનું કારણ મન જ છે.

સ્વતંત્રતા એ મનુષ્યનો પ્રાણ છે. સંગીત છે. ગતિ છે. પ્રગતિ છે.



# ઈશ્વરદર્શી–સ્વાનુભૂતિ સંપન્ન મહાત્મા શ્રી યોગેશ્વરજી

—સર્વેશ્વરી પદરેણુ

શું ઈશ્વર છે, તો દેખાતો કેમ નથી ? વળી જે વસ્તુ દેખાતી ન હોય, એને માનવાનો અર્થ પણ શું ?"

આ સવાલ દરેક બુદ્ધિવાદી માણસના મનમાં ઊઠે છે એવુંજ નથી, એ પ્રશ્ન શ્રદ્ધાળુ સાધકોના મનમાં પણ કદીક જાગે છે.

પરમહંસ શ્રી રામકૃષ્ણદેવના પરમ ભક્ત શ્રી બલરામ બોઝને પણ આ પ્રશ્ન ઊઠ્યો હતો. તેઓ જાગીરદાર હોવાથી આર્થિક રીતે ખૂબ સંપન્ન હતા. પૂર્વનાં સદ્‌કર્મોના પરિણામે એમને ભગવદ્‌નામ સ્મરણ અને શાસ્ત્રોના સદ્‌ગ્રંથોના વાંચનમાં સારો એવો રસ હતો. દિવસનો ઘણો ખરો સમય તેઓ પૂજા-પાઠ, જપ, ધ્યાન અને સારા ગ્રંથોના વાંચનમાં ગાળતા. આમ છતાં એમને કોઈ અનુભૂતિ નહોતી થઈ. એટલે ઈશ્વરના અસ્તિત્વમાં શંકા થવા માંડી.

પરમહંસ શ્રી રામકૃષ્ણદેવ પાસે તેઓ પધાર્યા અને તેઓને ઈશ્વર અને મા જગદંબા વિષે વાતો કરતા સાંભળ્યા, ત્યારે બધા શ્રોતાઓના ગયા પછી, પોતાને સતાવતી શંકા તેમણે શ્રી પરમહંસ દેવ સમક્ષ રજુ કરતાં પૂછ્યું, "શું ઈશ્વર ખરેખર છે ?" રામકૃષ્ણે એમને સામું પૂછ્યું. "શું તને શંકા છે ?"

"મને શંકા એટલા માટે છે કે હું એનું ઘણું ઘણું સ્મરણ કરૂં છું, છતાં હજી મને એની કોઇ અનુભૂતિ થઇ નથી એનું શું કારણ હોઇ શકે?"

"શું તારા દિલમાં ઈશ્વર માટેનો અનન્ય પ્રેમ જાગ્યો છે, એના વિના તું રહી કે જીવી શકે એમ નથી, એવું તને કદી લાગ્યું છે? તારી પત્ની અને પુત્રોને તું જેટલા પ્રેમથી ચાહે છે, એવી ચાહના પ્રભુ માટે તારા દિલમાં કદી જાગી છે?-જો આ બધા પ્રશ્નોના ઉત્તરો 'ના' હોય, તો તને પ્રભુ શા માટે દર્શન આપે?"

શ્રી રામકૃષ્ણદેવનો આ જવાબ સાંભળી શ્રી બલરામ બોઝ વિચારમાંજ પડી ગયા. એમણે ઈશ્વર વિષે કદી આ રીતે વિચાર્યું જ ન હતું, વાત સાચી હતી. પોતાની પત્ની, પુત્રો જેટલો પ્રેમ ઈશ્વર માટે કદી અનુભવ્યો ન હતો. એના વિરહમાં વ્યાકુળ બનીને કદી એક આંસુ પણ વહાવ્યું ન હતું. તો પછી પ્રભુ મળે પણ શી રીતે? રામકૃષ્ણદેવની વાત એમને સાચી લાગી.

પણ આવો જવાબ તો શ્રી રામકૃષ્ણદેવ જેવા પરમાત્માની અનુભૂતિથી સંપન્ન મહાપુરુષો જ આપી શકે.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીને પણ તેઓના ઝાંબિયાના પ્રવાસ દરમ્યાન ટેલિવિઝન પરના ઈન્ટરવ્યુમાં આવો જ પ્રશ્ન પૂછાયો હતો. એ પ્રશ્ન આ પ્રમાણે હતો.

"આપના પરિચિતો પાસેથી મેં સાંભળ્યું છે કે આપને ઈશ્વરનાં દર્શન થયાં છે. તો તેની સાબિતી શી?"

પ્રશ્ન ખરેખર અટપટો હતો. પરંતુ પૂ. મા જગદંબાની કૃપાથી તેઓએ આપેલો જવાબ પણ એટલો જ સચોટ



અને અદ્દભુત હતો.

પ્રશ્ન પૂછનારને તેઓએ સામેથી વળતો પ્રશ્ન કર્યો, "શું તમે મને જોઈ શકો છો? જો હા, તો તેની સાબિતી શી?"

આ સામા પ્રશ્નથી પ્રશ્ન પૂછનાર જરા મૂંઝાયો. છતાં તેણે કહ્યું "હું આપને જોઇ શકું છું, આપની સાથે વાત કરી શકું છું. આપને સ્પર્શ પણ કરી શકું છું, આનાથી વધુ બીજી શી સાબિતી હોઈ શકે?"

શ્રી યોગેશ્વરજીએ કહ્યું, "બરાબર. તમે જેમ મને જુઓ છો, તેમ હું ઈશ્વરને જોઇ શકું છું. તેના સાકાર સ્વરૂપ સાથે વાત કરી શકુ છું. તેનો સ્પર્શ અનુભવી શકું છું ને એને સ્પર્શ પણ કરી શકું છું. બોલો, આનાથી વિશેષ સાબિતી શું હોઇ શકે?"

પ્રશ્ન પૂછનાર ભાઈ આટલો સરસ બુદ્ધિયુક્ત જવાબ સાંભળી રાજી થઇ ગયા.

પણ આવો જવાબ તો પરમહંસ શ્રી રામકૃષ્ણદેવ કે મહાત્મા શ્રી યોગેશ્વરજી આપી શકે, કારણ કે જીવનમાં સાધના કરી તેઓએ સૃષ્ટિના સનાતન સત્યને પ્રત્યક્ષ અનુભવ્યું હતું.

શાસ્ત્રો કહે છે કે ઈશ્વર સર્વવ્યાપક છે, સર્વજ્ઞ છે ને સર્વશક્તિમાન છે. નિરાકાર સ્વરૂપે રહેલી એ પરમ ચિન્મય શક્તિ, ભક્તિવડે સાકાર કરી શકાય છે. આમ છતાં એની અનુભૂતિ એ જ લોકો કરી શકયા છે જેઓ પોતાના જીવનમાં–પ્રભુને સર્વ સમર્પણ કરીને એને પામવા મથ્યા છે; તપ્યા છે, એકાંતવાસી થયા છે, એના વિરહમાં ખોબે ખોબે રડ્યા છે; પાગલની જેમ પોકારો પાડી એને માટે તલસ્યા

છે. એ પછી જ પ્રભુમિલનનું મધુરૂં સુખ પામ્યા છે, શાંતિ પામ્યા છે. આનંદના ઉદધિમાં નિરંતર અવગાહન કરી શક્યા છે.

આથી જ એક લેખકે સાચું કહ્યું છે કે જીવનમાં આત્મિક ઉન્નતિ ચાહતા હો, એ માટે મથતા હોવ, તો જેઓ કેવળ પંડિતો છે, જેમણે જીવનમાં તપ, ત્યાગ ને સાધના કરી કંઇ મેળવ્યું નથી, એવા વાક્પટુઓની વાતોને કદી ગંભીરતાથી લેશો નહિ. એમની એ ચેષ્ટા બાળપોથી ભણનારો, મેટ્રિકવાળાને ભણાવવા નીકળે એના જેવી છે; કારણ એમાં પોતાની કોઇ અનુભૂતિ નથી. અનુભૂતિ વગર કદી કોઈ શાંતિ પામી શકતો નથી; અને જેણે પોતે આવી સનાતન શાંતિનો કોઈ અનુભવ કર્યો નથી, એ બીજાને શું અનુભવ કરાવી શકવાનો ?

આપણે અહીં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જીવનના અનુભૂતિના બેએક પ્રસંગો જોઇશું. આ અનુભૂતિઓનું વર્ણન એમણે પોતે જ પોતાની આત્મકથામાં કરેલું છે.

આ અનુભવ ૧૯૪૩માં ટિહરીમાં પૂ. શ્રીને થયો હતો.

"તે દિવસોમાં મને એક વિશેષ ઉલ્લેખનીય અનુભવ થયો. એક વાર રાતે હું ધ્યાનમાં બેઠેલો. મધરાત પછી મને ધ્યાનમાં આનંદ આવવા માંડ્યો. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ મારી એકાગ્રતા વધતી ગઇ. તે વખતે ખરેખર કેટલા વાગ્યા હશે તેની મને ખબર નથી. મારી પાસે તે જાણવાનું કોઈ સાધન પણ તે વખતે ન હતું. તે દરમ્યાન મારું શરીરભાન ભૂલાઇ ગયું. સમાધિ દશાના અનુભવની શરૂઆત થઇ. મને પ્રકાશ-પ્રકાશ દેખાવા લાગ્યો. હજારો



દીવા એકી સાથે પ્રકટવાથી જેવો પ્રકાશ થાય તેવો તે પ્રકાશ હતો. તે પ્રકાશની અંદર મને કરોડરજ્જુનું દર્શન થવા માંડ્યું. કરોડરજ્જુની અંદરનો ભાગ દેખાવા માંડ્યો. તે પણ હજારો દીપકના પ્રકાશ જેવા પ્રકાશથી ભરપૂર હતો. તે પ્રકાશમાં મેં જોયું કે કરોડરજ્જુની નીચેના ભાગમાંથી કોઇ સૂક્ષ્મ શકિતતત્ત્વ ધીરે ધીરે ઉપર ચઢી રહ્યું છે. મને થયું કે આ જ કુંડલિની: યોગના ગ્રંથોમાં જેનું વર્ણન છે તે આ જ છે. ધીમે ધીમે ઉપર ચઢતી ચઢતી તે શક્તિ મારા હૃદય અને પછી કંઠના પ્રદેશ સુધી આવી પહોંચી. પછી તે ભ્રૂમધ્ય પાસે આવવા લાગી. તે વખતે મને શરીરનું સ્મરણ ન હતું. કેવલ સૂક્ષ્મતર સ્વરૂપમાં જાગ્રત રહેલું મન આ બધું અનુભવી રહેલું. તે શકિત જેમ જેમ ઉપર ચઢતી તેમ તેમ મારૂં મન પ્રકાશના વમળમાં ગોળ ગોળ ફરતું. તે વખતે મારી જે દશા હતી તેની સરખામણી ગાડા કે રથના ગોળ ફરતા પૈંડાની સાથે કરી શકાય. મન પણ તેમ ફરતું હતું. પણ તે ફરવાનું ધીરે ધીરે હતું. મને તે વખતે આનંદ અને અજાયબી બન્નેનો અનુભવ થતો. એ પ્રમાણે ફરતું ફરતું મન ક્યાં જશે ને મારા શરીરનું શું થશે તેનો વિચાર કરીને મને થોડોક ભય પણ થતો. આવો અનુભવ મારે માટે તદ્દન નવો હતો. તે વખતે એક બીજો પણ અનુભવ થઇ રહ્યો. મારા હૃદયના ધબકારા ધીરે ધીરે ઓછા થતા જતા હતા. તે એકદમ શાંત પડી જવાની તૈયારીમાં હતા. યોગના ગ્રંથોમાં મેં વાંચ્યું હતું કે ઊંચી જાતની નિર્વિકલ્પ સમાધિમાં હૃદયના ધબકારા પણ બંધ થઇ જાય છે. એ વાતનો અનુભવ મને પ્રત્યક્ષપણે થઈ રહ્યો. એ અનુભવ કેટલા વખત સુધી રહ્યો તે તો કોણ જાણે, પણ તે પછી મને કોઇ પ્રકારનું સૂક્ષ્મ ભાન પણ ના રહ્યું. મન પણ જાણે કે મરી ગયું."

કુંડલિનીનો આવો અનુભવ શ્રી રામકૃષ્ણદેવના જીવન-ચરિત્રમાં આવે છે. જીજ્ઞાસુજનો તે જોઈ શકે છે.

× × ×

આ બીજો અનુભવ પણ તે પછીનાં થોડા સમય બાદનો ઋષિકેશમાં થયેલો છે. ચાલો, આપણે તે અનુભવ જોઇએ.

"તે દિવસોમાં રાતના પાછલા પહોરમાં મેં ગાયત્રી જપ કરવાની ટેવ પાડેલી. રોજના એક હજાર જપ કરવાનો મારો નિયમ હતો. તે પ્રમાણે પાછલી રાતે ખાટલામાં બેસીને મેં જપ શરૂ કર્યા. જપની સંખ્યા લગભગ અર્ધી થઇ હશે, તે વખતે મારી નજર સામેની દિવાલ પર પડી તો મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. મારાથી ચારેક હાથ દૂર દિવાલ હતી. તેની અને મારી વચ્ચે એટલે મારાથી ત્રણેક હાથ દૂર એક મહાપુરુષ બેઠેલા, ઓરડામાં બધેજ અંધારું હતું. પરંતુ તે મહાપુરુષ તદ્દન સ્પષ્ટ રીતે દેખાતા. મને થયું કે ઓરડીનાં બારી બારણાં તો બંધ છે. આ મહાપુરુષ અંદર આવ્યા શી રીતે ? પણ ભૂતકાળના અનુભવો યાદ આવવાથી તે વિચાર તુરત જ દૂર થઇ ગયો. મને ખબર હતી અને ફરી એક વાર ખબર પડી કે મહાપુરુષો અને સિદ્ધોની શક્તિ અજબ હોય છે. સાધારણ માણસની જેમ મકાનની અંદર આવવા માટે તેમને પ્રવેશદ્વાર કે બારીબારણાની જરૂર નથી હોતી. પ્રકૃતિ ઉપર તેમનો કાબુ હોવાથી તે તો ઇચ્છાનુસાર ગમે ત્યાં પહોંચી ને પ્રવેશી શકે છે."

"તે મહાપુરુષના અચાનક દર્શનનું આશ્ચર્ય હવે ઊંડા આનંદમાં પલટાઇ ગયું. તે દર્શન ખરેખર દિવ્ય હતું. તે મહાપુરુષે દૂધ જેવાં સફેદ વસ્ત્રો પહેરેલાં. શરીરે કફની અને



નીચે ધોતી હતી. તેમની આંખો બીડેલી. વદન ખૂબ જ તેજસ્વી. માથે ને મોઢે વાળ બિલકુલ ન હતા. તેમની મુખાકૃતિ પરથી તેમની ઉંમર ઘણી મોટી દેખાતી, છતાં તેમના ચહેરા ઉપર વૃદ્ધાવસ્થાની સહેજ પણ છાયા ન હતી. ત્યાં તો જાણે કે અખંડ યૌવન વિલસી રહેલું. તેમના હાથમાં મોટા મણકાની માળા હતી. મણકા ફરતા હતા. તેનો અવાજ ટક્...ટક્... એમ ધીમે ધીમે આવતો. તે પરથી તે કોઇ ગાયત્રી મંત્રથી જરા ટૂંકા મંત્રનો જપ કરી રહેલા, એવું અનુમાન કરી શકાતું. આખુંય દર્શન અત્યન્ત આનંદદાયક અને આશ્ચર્યકારક હતું. વધારે આશ્ચર્ય તો એ હતું કે તેમનું શરીર જમીન પર ન હતું. જમીનના આધાર વિના અદ્ધર અવકાશમાં તે પદ્માસન વાળીને બેઠેલા. આવું દર્શન મારા માટે પહેલું જ હતું. દેવો ને સિદ્ધો ઇચ્છાનુસાર વિચરણ કરે છે, પડછાયા વિનાના હોય છે ને જમીનથી અદ્ધર રહે છે, એવું મેં વાંચેલું. આજે તેનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યો. તે મહાપુરુષનું સ્વરૂપ પ્રકાશમય ને ગોરું હતું."

"જ્યારે જ્યારે આવું દર્શન થાય છે ત્યારે અંતરમાં તે દર્શન કોનું થઇ રહ્યું છે, તેની પ્રેરણા પણ મળી જાય છે. પણ આ મહાપુરુષ સંબંધમાં તેવી કોઇ ખાસ પ્રેરણા ના મળી. તેમના ચિત્રને પણ મેં ક્યાંય જોયું ન હતું. તેથી એ અજ્ઞાત મહાપુરુષને ઓળખી શક્યો નહિ."

"કેટલાક વખત પછી પેલા મહાપુરુષનું સ્વરૂપ જરાક ઝાંખું થયું. તે પછી હું ખાટલા ઉપરથી મારી પાસે સૂતેલા વલ્લભદાસ કાકાને જગાડવા ત્રીજી વાર બૂમ પાડી ઊભો થયો, તે વખતે પેલા મહાપુરુષનું સ્વરૂપ તદ્દન ઝાંખુ પડી ગયું ને તે અદૃશ્ય થઈ ગયા."

પ. પૂ. શ્રી યોગેશ્વરજીને જીવનમાં આવા અનેક અનુભવો થયેલા છે. એનો કડીબદ્ધ ચોકસાઇ પૂર્વકનો ઇતિહાસ તેઓ પોતાની આત્મકથા–'પ્રકાશના પંથે''માં સ્વ–અક્ષરે લખી ગયા છે. આજના અને ભવિષ્યના સાચા સાધકો માટે એ મોટું પ્રેરણાનું પ્રદાન કરનારા નીવડશે, એમાં શંકા નથી. આવા સ્વાનુભૂતિ સંપન્ન મહાપુરુષોને આપણા અનેકાનેક વંદન હો.

કામ અને વાસનારૂપી સર્પસર્પિણીની વિષમ વિષમયજ્વાળાઓથી વેગળા રહેવું સારું છે.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



# મૃત્યુ

સંકલન : મમતા પી. ભાટીયા

મૃત્યુ એટલે પરમાત્માને જીવનનો હિસાબ આપવાનો પવિત્ર દિવસ. પરમાત્મા (શેઠ) એ જીવને શ્વાસોની મૂડી આપી સંસારની માર્કેટમાં વ્યાપાર કરવા મોકલે છે. ડાહ્યા માણસો વ્યાપારમાં બુદ્ધિ કરે છે અર્થાત્ પ્રભુભજન કરી, ગુરુના શરણમાં જઇને જીવન સફળ કરે છે અને મૂર્ખ લોકો પોતાની મૂડી ખોઈ નાખે છે અને ખાલી હાથે પાછા ફરે છે અર્થાત્ વિષયો–વિકારોમાં રત રહી પશુવત્ જીવન વ્યતીત કરે છે.

જ્યારે જન્મ થાય છે ત્યારે મૃત્યુનો સમય અને કારણ નક્કી કરવામાં આવે છે. અંતકાળમાં મનુષ્યને જે ગભરામણ થાય છે તે કાળથી નહિ પણ પોતે કરેલાં કુકર્મો અને પાપોની યાદથી થાય છે. પાપ કરતી વખતે મનુષ્ય ડરતો નથી પણ ડરે છે પાપની સજાનો વખત આવે ત્યારે. વ્યવહારમાં લોકો સમાજની, સાહેબની, ઉપરીની બીક રાખે છે પણ ઈશ્વરની બીક રાખતા નથી, તેથી દુઃખી થાય છે.

પાપ કરવામાં મનુષ્ય જેટલો સાવધ રહે છે તેટલો પુણ્ય કરવામાં રહેતો નથી. સમજવા છતાં પાપ કરે છે એટલે જ અંતકાળે તેને તેનું સ્મરણ થાય છે. જીવ ગભરાય છે કે મારું હવે શું થશે? મનુષ્ય સર્વ કાર્યો માટે તૈયારી કરે છે પણ મરવાની તૈયારી તે કરતો નથી. ભગવાન પૂછશે કે મેં તને આંખ, કાન, તન, મન, ધન આપ્યાં તેનું તેં શું કર્યું? હિસાબમાં ગડબડ હોય તો ગભરામણ થાય. સાધારણ વાર્ષિક

અહેવાલ આપતાં પ્રિન્સીપાલ સાહેબ ગભરાય છે, તો આખા જીવનનો હિસાબ આપતી વખતે કેવી દશા થાય?

લોકો મૃત્યુને અમંગળ માને છે, પરંતુ તે અમંગળ નથી. મૃત્યુ એ પરમાત્માનો સેવક છે એટલે તે મંગળ છે. પરમાત્માને થાય છે કે મારો દીકરો લાયક થયો છે કે નહિ તે જોઉં. એટલે મૃત્યુને આજ્ઞા કરે છે કે જીવને પકડી લાવ.

મૃત્યુ આવે તે તો સારી વાત છે પરંતુ કાયમ તેનાથી ભયભીત રહેવું એ બરોબર નથી, કારણ કે ભયમાંથી બીજા ઘણા દુર્ગુણો અને પાપોની ઉત્પત્તિ થાય છે. માનવને મૃત્યુ કરતાં મૃત્યુના ભયની વધારે ધાક છે. પણ તેઓ માટે કબીરજીની આ ઉક્તિ ખૂબજ સહાયક અને ભયનાશક છે. કબીરજી કહે છે:-

જા મરણે સે જગ ડરે, મોરે મન આનંદ,
મરણે હી તે પાઇએ, પૂર્ણ પરમાનંદ.

અર્થાત્ જે મૃત્યુથી સંસાર બીવે છે તેને યાદ કરીને મારા મનમાં આનંદ થાય છે કારણ કે મૃત્યુ જ પૂર્ણ પરમાનંદની પ્રાપ્તિ કરાવે છે.

આપણે કંઇ બહારગામ કે યાત્રાએ જઇએ તો સાથે ભોજન કે નાસ્તાની વ્યવસ્થા કરી લઇએ છીએ. પાણી ભોજન કરતાં વધારે અગત્યનુ છે તેના માટે વિચાર કરી લઇએ છીએ કે સ્ટેશન પરથી ભરી લઇશું. પાણી કરતાં વધારે મહત્ત્વ હવાનું છે, જેના વગર એક મિનિટ પણ ચાલતું નથી. તો પણ હવાની વ્યવસ્થા કરીને કોઈ ચાલતું નથી. કારણ કે બધાંને એ વાતની ખાત્રી છે કે હવા તો સર્વત્ર છે. હવાથી ઓછી જરૂરીયાત પાણી માટે અને પાણીથી ઓછી જરૂરીયાત



ભોજન માટે તેની આપણે વધારે ચિંતા કરીએ છીએ. તેવી જ રીતે અમે આનંદ સ્વરૂપ આત્મામાં જાગૃત થવાને બદલે ઓછું મહત્ત્વ ધરાવતા શરીરના પાલનપોષણમાં અને દેહના સંબંધિત વ્યવહાર સાચવવામાં વ્યસ્ત રહીએ છીએ. સ્થૂલ શરીર અસત્ જડ અને દુઃખરૂપ છે. તેને સાચવવા માટે સૂક્ષ્મ ભૂતોથી નિર્મિત સૂક્ષ્મ શરીર છે. તેને પણ ચેતન સત્તા આપવા માટે સત્–ચિત્–આનંદ સ્વરૂપ આત્મા છે. આ આનંદ સ્વરૂપ આત્માને અસત્-જડ દુઃખ-રૂપ શરીર સાથે મેળ થઈ ગયો છે એટલે એમ પોતાને પણ અસત્ જડ દુઃખરૂપ અને મરણધર્મી સમજીને જીવનભર મૃત્યુથી ભયભીત રહીએ છીએ.

આ જીવન અને મૃત્યુનો આપણે ઘણીવાર અનુભવ કરી લીધો છે. સંતો કહે છે: તમારું ન તો જીવન છે અને ન તો મૃત્યુ. તમે જીવ નથી, તમે શિવ છો. તમે અમર છો. તમે અનંત અનાદિ સચ્ચિદાનંદ પરમાત્મા છો. જો તમે આ જન્મ-મરણના ચક્રથી થાકી ગયા છો, એના છિછરાપણાને જાણી લીધું છે, એના અસારપણાથી પરિચિત થઇ ગયા છો, તો કોઇ સંતના સાન્નિધ્યનો લાભ લઈ મૃત્યુને જાણી લો. તો તમને કોઈ દુઃખ, મૃત્યુ ભયભીત કરી શકશે નહિ. પછી જેને આવવું હોય તે આવે, જવું હોય તે જાય, સુખ આવવું હોય તો આવવા દો, દુઃખ આવતું હોય તો આવવા દો. જે આવશે તે જશે પણ. તમે દ્રષ્ટા થઈને જોતા રહો. તમે પોતાના મહિમામાં મસ્ત રહો.

મન્સૂરને શૂલી પર ચઢાવવામાં આવ્યા, પણ તે શૂલીથી ભયભીત ન થયા, શૂલીનું કષ્ટ એમને સ્પર્શી ન શક્યું, કારણ કે મન્સૂર પોતાના મહિમામાં જાગૃત હતા. તેઓ સમજી

ગયા હતા કે હું આ શરીર નથી. શૂલી શરીરને લાગશે, મને નહિ. એટલે તેઓ હસતા હસતા શૂલી પર ચઢી ગયા.

પ્રકૃતિનો આ નિયમ છે કે જે આવ્યો છે તેને જવાનું છે. કબીરજી કહે છેઃ–

"આયા હૈ સો જાએગા, રાજા રંક ફકીર."

પરંતુ મરવું કોઇને ગમતું નથી. ડોસો પણ ઈચ્છતો નથી. જેનું શરીર જીર્ણ થઈ ગયેલું છે, અને હાથ પગ લથડિયાં ખાય છે, તે રોગી જે મરણપથારીએ અંતિમ શ્વાસ લઈ રહ્યો છે અને ડાકટરોએ આશા છોડી હાથ ધોઈ બેઠા છે, છતાં પણ એ હજી જીવવાની આશા રાખે છે. પ્રકૃતિનો આ નિયમ કોઇને પસંદ નથી.

બગીચામાં ફૂલ-ઝાડ જો એવાંને એવાં રહે, તેઓને કાપીએ નહિ કે નવાં લગાડવામાં આવે નહિ, તેઓની સારવાર સંભાળ રાખીએ નહિ, તો તે જંગલ બની જશે. બગીચામાં જો નવા રોપા રોપવામાં આવે, કાપ-કૂપ કરવામાં આવે, જૂના સળી ગયેલા પુષ્પહીન ઠૂંઠાની જગ્યાએ નવા સુગંધિત નવચેતના અને નવજીવનથી ભરપૂર થયેલા છોડ લગાડવામાં આવે તો એ શોભા પામશે અને સારું લાગશે.

સમ્રાટ સિકંદરે કેટલાંયે યુદ્ધો જીત્યાં, પણ એના હૃદયમાં એક એવી તમન્ના હતી કે આ દોડધામમાં કોઇ એવું અમૃત-જળ મળી જાય જે પીને તેને મરવું ન પડે. પુરુષાર્થ કરીને તેણે તે સ્થળની શોધ કરી લીધી જ્યાં અમૃતજળ મળવાની શકયતા હતી. તે ખૂબ ઉત્સાહ અને હિંમતથી તે જગ્યાએ પહોંચી ગયો. ચાંદી જેવું શ્વેત જળ જોઈ તેનું હૃદય નાચી ઉઠયું. અંજલિ ભરીને તે જળ મોઢા સુધી લઇ ગયો કે તેને



નિર્જન ગુફામાં કોઇનો અવાજ સંભળાયો. ખબરદાર! તેણે આશ્ચર્યચકિત થઈ ઉપર જોયું તો તે ગુફામાં એક કાગડો બેઠો હતો. કાગડાએ કહ્યું : 'સિકન્દર, થોભી જાઓ, ઉતાવળ ન કરો. જે ભૂલ મારાથી થઈ તે તમે ન કરો. મને કોઇ સાધારણ કાગડો ન સમજતા. હું કાગડાઓનો સમ્રાટ છું. હું પણ તમારી જેમ અમૃતની શોધમાં અહીં પહોંચ્યો અને મેં એ જળ પીધું. પરંતુ આ જળ પીને હું મુસીબતમાં ફસાઈ ગયો છું. સિકન્દરને આ અણધાર્યું વિઘ્ન ગમ્યું નહિ, છતાં પણ તે ધીરજથી કાગડાની વાત સાંભળવા લાગ્યો. કાગડાએ કહ્યું:- સિકન્દર, તમારે આ જળ પીવું હોય તો પીજો, પરંતુ મારી વાત પહેલાં સાંભળી લો. આ જળ પીને હું અમર થઈ ગયો છું. મારા જીવનમાં જે જે ઇચ્છા હતી તે બધી પૂરી થઈ ગઇ. હવે કરવાનું બાકી કંઇ રહ્યું નથી. હવે હું મરવા માગું છું, કારણ કે આ શરીર હવે મારા માટે ભારરૂપ થઇ ગયું છે. મેં મરવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ આ અમૃતજળને લીધે બધું અસફળ. તમારે આ જળ પીવું હોય તો પીઓ, મારી મનાઇ નથી; પરંતુ મારી એક નમ્ર પ્રાર્થના છે કે અહીંથી ગયા પછી તમને કોઈ નવી ઔષધિની જાણકારી હાથ લાગે કે જેનાથી હું મરી શકું તો મને જરૂરથી ખબર આપજો."

ગુફામાં નીરવ શાંતિનું વાતાવરણ છવાઈ ગયું. સિકન્દરની અંજલિમાંનું જળ સરિતામાં પાછું સમાઇ ગયું. બીજીવાર તેણે સરિતામાં હાથ નાખવાની હિંમત ન કરી, અને અમૃત-જળ પીધા વગરજ પાછો ફરી ગયો. આ ઘટના સાચી છે કે ખોટી એનાથી કોઇ સંબંધ નથી, પણ એમાં જે તથ્ય છૂપા-યેલું છે તે સમજવા જેવું છે. જેટલું જીવન જરૂરી છે, તેટલું જ મૃત્યુ પણ. પરિવર્તન થવું જ જોઈએ.

મૃત્યુથી મનુષ્ય ડરે છે પણ એ જીવન પણ કોઈ જીવન છે જેમાં સદા મૃત્યુનો ભય રહે? આવું નીરસ જીવન, ભયપૂર્ણ જીવન મૃત્યુ કરતાં પણ ખરાબ છે. આવું જીવવામાં કોઇ સાર નથી. આ જીવન જીવન નથી.

પ્રકૃતિમાં જે થઈ રહ્યું છે, તે બધું પરિવર્તનશીલ છે. જેનું સર્જન થયું છે એનું વિસર્જન થવાનું જ છે. પેડ–પૌંધે, પશુ–પક્ષી, ઝૂંપડી–મહેલ, નગર–જંગલ, ખાઇ–પર્વત, સાગર–મરુભૂમિ વગેરે બધાંજ પરિવર્તનરૂપી સરિતામાં વહી રહ્યાં છે. આપણે જે શરીરને 'હું' માનીએ છીએ તે શરીર પણ પરિવર્તનની ધારામાં વહી રહ્યું છે. વૈજ્ઞાનિકોનું મંતવ્ય છે કે સાત વર્ષોમાં આપણા આખા શરીરના બધા કોષો બદલાઇ જાય છે. આ સ્થૂલ શરીરને સૂક્ષ્મ શરીરનો વિયોગ થાય છે. એટલે કે સૂક્ષ્મ શરીર દેહ રૂપી વસ્ત્ર બદલે છે. જેને લોકો મૃત્યુ કહે છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને એ જ વાત કહી છેઃ–

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥

"હે અર્જુન! જો તું શરીરના વિયોગ માટે શોક કરે છે તો તે ઉચિત નથી, કારણ કે જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરીને નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેમ આ જીવાત્મા જૂના શરીરનો ત્યાગ કરીને, નવું શરીર ગ્રહણ કરે છે."

ભગવાન રામે જ્યારે વાલીનો વધ કર્યો ત્યારે વાલીની પત્ની તારા ભગવાન રામ પાસે આવી અને પતિના વિયોગમાં જોર જોરથી રડવા લાગી. રામજીએ તેને સાંત્વના આપતાં કહ્યું:–



क्षिति जल पावक गगन समीरा, पंच रहित यह अधम शरीरा ।
सो तन तव आगे यह सोवा, जीव नित्य तू कहां लगिरोना ॥

"હે તારા! તું કોના માટે વિલાપ કરે છે, શરીર માટે કે જીવ માટે! જો તું પંચ મહાભૂત રચિત શરીર માટે રડે છે તો તે તારી સામે જ પડ્યું છે અને જો તું જીવ માટે રડે છે તો જીવ નિત્ય છે તે મરતો નથી."

એ તો સો એ સો ટકા સાચું છે કે વહેલા મોડા એક ને એક દિવસ મૃત્યુ તો આવશે જ ને આવશે જ. માટે જીવનને શું કરવા ગુરુના શરણમાં જઈને અથવા તો પરમાત્માની શરણાગતિ સ્વીકારીને, નિર્ભય થઈને કેમ ન રસમય બનાવવું? જો જીવનનો આનંદ લૂંટવો હોય તો શુદ્ધ આચરણરત રહી, કર્મરત રહી સામેથી મૃત્યુને આમંત્રણ આપો અને ગાઓઃ–

जा मरने से जग डरे, मोरे मन आनंद ।
मरणे ही ते पाइये, पूर्ण परमानंद ॥ (કબીરજી).

('સંતશ્રી આશારામજીના ફકીરી મોત'માંથી સંકલન)

*——*

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મે.દી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

## હું તારું સર્જન

તું છે મારો સર્જક ભગવાન! હું તારું સર્જન!
તું છે સુંદર ગુલશન એનું, હું છું એક સુમન!-તું છે૦

ગુલાબ, ચંપો અને ચમેલી, સૂર્યમુખી, મોગરો,
રાતરાણી, જાસુદ, કેવડિયો સૌનો મેળો ખરો!
નવલા રંગો, સુગંધ ન્યારી, તુજમાં સહુ મિલન,
તારાં જ ફૂલોને હું શી રીતે કરું તને અર્પણ?-તું છે૦

તેં સર્જી આ વિશાળ સૃષ્ટિ, ધરણી અને ગગન,
સૂર્યચંદ્ર નવ ગ્રહો અને છે અગણ્ય તારા ગણ!
તારાં પવન અને પાણી છે તું પકવે છે અન્ન,
તારું જ સઘળું શી રીતે હું તને દઉં ભોજન?-તું છે૦

તારા તેજ–પ્રભાવે અવનિ આખી આ ઝળહળતી,
ટાઢે ઠરતા જીવને ગર્મી તુજ અગ્નિથી મળતી!
પ્રકાશપુંજ! ચેતન! તું વ્યાપે અણું-અણું પૂરણ,
તેજ સ્વયં શી રીતે તુજને કરાવું દીપદર્શન?-તું છે૦

ધૂપ–સુવાસ ધરું શાં? તું સૌ ખુશબોનો દેનારો,
ચંદન-લેપ કરું ક્યાં? જ્યાં છે દેહજ વિરાટ તારો!
કરું નમન ક્યાં? આભે શિર છે પાતાળે ચરણ,
હે શક્તિ 'રંગેશ' કરું તુજ દિવ્ય રૂપદર્શન!-તું છે૦

નરહરિ પંડ્યા 'રંગેશ' (ડાકોર)



# શ્રી રમણ દર્શન

(ગતાંકથી ચાલુ)

અધ્યાત્મ પ્રેમી

(૪)

એમના એક બીજા ભક્ત શ્રી સુંદરેશ અટયટ ને માહિતી મળી કે પોતાની તિરુવણામલૈથી બદલી થવાની છે એટલે એમણે શોકિતસ્વરમાં ફરિયાદ કરતા હોય તેમ કહ્યું:–

'ભગવાન પાસે ચાલીસ વરસ રહ્યા પછી હવે મારી બદલી બીજે થવાની છે. ભગવાનથી દૂર રહીને હું શું કરીશ?

'તમે ભગવાન સાથે કેટલા વખતથી રહો છો? મહર્ષિએ પૂછ્યું.

'ચાલીસ વરસથી.'

મહર્ષિએ ભક્તો તરફ ફરીને કહ્યું, 'આ મારા સદુપદેસને ચાલીશ વરસથી સાંભળે છે અને હવે કહે છે કે એ ભગવાનથી ક્યાંક દૂર જવાના છે!'

ભક્તો મૌનનો અનુભવ કરતા રહ્યા. મહર્ષિ પોતાની સર્વવ્યાપકતાનો જાણે કે ખ્યાલ આપી રહ્યા. એમણે એમના એ શબ્દો દ્વારા એવું પણ સૂચવ્યું કે એમનો આટલા બધા લાંબા વખત લગી સંદેશ સાંભળનાર એમનાથી અલગ ન થઈ શકે.

એમની દૃષ્ટિ જ્ઞાનમયી ને સૂક્ષ્મ હતી, તો પણ એ ભક્તની બદલી બંધ રહી.

(૫)

મહર્ષિ એમની અંદર રહેલી અલૌકિક શક્તિને લીધી સૌ

કોઇના હૃદયને સ્પષ્ટપણે જોઇ શકતા. એમનાથી કશું છૂપું નહોતું રહેતું. એ વાતનો અનુભવ એમના સમાગમમાં આવેલા અનેકને થઇ ચૂકયો છે.

એકવાર મૈસુરનો એક યુવક આશ્રમમાં આવીને ત્યાંના વિશુદ્ધ વાતાવરણથી પ્રભાવિત થઇને રહેવા માંડ્યો. આશ્રમમાં એ મહિનાઓ સુધી રહ્યો તે દરમ્યાન રોજ મહર્ષિની સામે હોલમાં બેસીને ધ્યાન કર્યા કરતો. બહારથી જોતાં એ ઊંડા ધ્યાનમાં ડૂબી ગયો હોય એવું લાગ્યા વિના રહેતું નહિ. એની એવી પ્રવૃત્તિ જોઇને બીજા સાધકો, ભકતો ને દર્શનાર્થીઓ એના પ્રત્યે વિશેષ પ્રેમથી જોવા લાગ્યા. આશ્રમના સંચાલકો એને સંસ્કારી સમજીને એનું ખાસ ધ્યાન રાખવા માંડ્યા.

પરંતુ મહર્ષિ એના તરફ જરા પણ ધ્યાન ના આપતા. એ આશ્રમમાં આવ્યો ત્યારથી જ એ એના પ્રત્યે એકદમ ઉદાસ રહેતા. એ કેટલીક વાતોમાં એનો વિરોધ પણ કરતા. અને એને સહેજ પણ મહત્ત્વ ન આપતા.

કેટલાક માણસોએ એમને એ બાબત પૂછ્યું પણ ખરું તો મહર્ષિએ તરત જ જણાવ્યું 'હું એનું શું ધ્યાન આપું ? તમને ખબર છે કે આટલા દિવસોથી શાનું ધ્યાન કરી રહ્યો છે ?'

'શાનું કરી રહ્યો છે ?'

'તમે કલ્પના કરી શકો છો ?'

'કલ્પના તો ઈશ્વરનું ધ્યાન કરતો હશે એવી જ કરી શકાય છે.'

'એ જ જોવાનું છે ને ? એ નોકરીનું ધ્યાન કરી રહ્યો છે.'

'નોકરીનું ?' મહર્ષિનો ખુલાસો સાંભળીને સૌને નવાઈ લાગી.



'હા નોકરીનું.'

મહર્ષિએ વિશેષ સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું :

'એ ઈશ્વરનું ધ્યાન નથી કરતો પરંતુ નોકરીને માટે મને પ્રાર્થના કરે છે. લૌકિક લાલસાની પૂર્તિ કરવાની આકાંક્ષાવાળા માણસોએ એમની પૂર્તિ થવાનો સંભવ હોય ત્યાં જ જવું જોઇએ. મારાથી એને માટે કશું જ નહિ કરી શકાય. હું અહીં લોકોને નોકરીઓ આપવા બેઠો છું ? હું સંપત્તિ વિનાનો એક અકિંચન અભ્યાસી છું.' પેલા યુવાને મહર્ષિના શબ્દો સાંભળી કબૂલ કર્યું કે એ શબ્દો છેક સાચા હતા.

એ પ્રસંગથી ભકતોને મહર્ષિની લોકોત્તર શક્તિનો પુરાવો મળ્યો.

પેલા યુવકને તિરુવણ્ણામલૈ શહેરની સ્કૂલમાં નોકરી કરવાનું કહેવામાં આવ્યું તો પણ એનું મગજ એટલું બધું ભ્રાંત બની ગયું કે એણે એની અવગણના કરી.

થોડાક વખત પછી એણે નોકરીને બદલે મહર્ષિનું ધ્યાન ધરવાનું શરૂ કર્યું.

મહર્ષિ પાસેથી અસાધારણ શક્તિભંડારને હસ્તગત કરવાની ઇચ્છાથી પ્રેરાઇને એ એમની સામે બેસીને કલાકો લગી ધ્યાન કરવા માંડ્યો.

એક દિવસ પોતાના ધ્યાનની પરાકાષ્ઠા રૂપે ભાવાવેશમાં આવીને એ કોચ પર બેઠેલા મહર્ષિને એકાએક ભેટી પડ્યો ને પિતા ! પિતા ! પોકારવા લાગ્યો.

એના એવા અદ્દભુત અભિનયથી પણ મહર્ષિ જરાપણ પ્રભાવિત ના થયા. એ સંપૂર્ણ શાંત જ રહ્યા.

(૬)

મહર્ષિ દિવ્યદૃષ્ટિ સંપન્ન હતા. એનું સમર્થન કરતા પ્રસંગો એમના જીવનમાં અનેક બન્યા છે.

એકવાર એમના આશ્રમમાં એક સાધક આવ્યો. એ યુવાન સાધકના મનમાં એમને એકાંતમાં પ્રાર્થના કરીને ગુરુ કરવાની ભાવના હતી.

ત્રણચાર દિવસ સુધી આશ્રમમાં રહીને એણે મહર્ષિની આગળ એકાંતમાં આત્મનિવેદન કરવાની પ્રતીક્ષા કરી પરંતુ મહર્ષિની પાસે કોઇને કોઇ રહેતું હોવાથી એ પ્રતીક્ષા ના ફળી.

આખરે એક દિવસ એવું એકાંત મળી ગયું. મહર્ષિ ભોજનાલયમાંથી જમીને બહાર નીકળીને આગળ વધ્યા ત્યારે એકલા જ હતા. એ જોઇને એ સાધકે ઝડપથી જઈને એમનાં ચરણ પકડી લીધાં.

મહર્ષિ કોઇને ચરણસ્પર્શ કરવાની છૂટ નહોતા આપતા તો પણ કોઈ પણ પ્રકારનો વિરોધ કર્યા વિના ઊભા રહ્યા.

યુવાન એટલો બધો ભાવવિભોર બની ગયો કે કશું બોલી જ ના શક્યો.

થોડાક વખત પછી મહર્ષિ ચાલી નીકળ્યા. યુવાનને પાછળથી થયું કે અરે, આ શું થયું ? માંડ માંડ એકાંતમાં ગુરુ બનાવવા માટે વાત કરવાનો અવસર આવ્યો ત્યારે કશું બોલી શકાયું નહિ ને હવે ? હવે એવો અવસર કોણ જાણે કયારે આવશે ?

એની નિરાશાનો પાર ના રહ્યો. પરંતુ મહર્ષિ પોતાની દિવ્યદૃષ્ટિથી સઘળું સમજી ગયેલા. બપોરે આરામ કરતી વખતે એમણે એમના પરિચારકને પેલા યુવાન સાધકની વાત



કરીને કહ્યું, 'એ મને ગુરુ કરવા માગે છે પરંતુ હું એનો ગુરુ નથી થઈ શકું તેમ એની પ્રકૃતિ જુદી છે. એને કહે જો કે એ કાનનગઢ જાય ને સ્વામી રામદાસનો લાભ લે. ત્યાં એને શાંતિ મળશે.'

સાધકે એ સંદેશ સાંભળ્યો ત્યારે એની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એને જે જોઇતું'તુ તે બોલ્યા કે માગ્યા વિના જ મળી ગયું. મહર્ષિમાં ગુરુ બનવાની લાલસા ન હતી અને બીજાના ગુણોનો આદર કરવાની ભાવના હતી. એને એની પ્રતીતિ થઈ.

મહર્ષિના ચરણોમાં મસ્તક મૂકીને એણે એની અનુકૂળતાએ ઉત્સાહયુક્ત અંતરે વિદાય લીધી. એને જીવનના મંગલનો માર્ગ મળી ગયો. મહર્ષિની દિવ્યદૃષ્ટિ માટે એને ખૂબ ખૂબ માન પેદા થયું. એ દૃષ્ટિએ એના જીવનમાં ક્રાંતિ કરી, જ્યોતિ ભરી, ને શાંતિ ધરી.

(૭)

એક રાતે હોલમાં અંધારને અજવાળતું એક માત્ર ફાનસ સળગી રહેલું ત્યારે એક સદ્ગ્રહસ્થનો નોકર મહર્ષિ પાસે પૂજ્યભાવે ઉભો રહીને એની ભાષામાં કશુંક ઉતાળવા સ્વરે બોલવા લાગ્યો.

મહર્ષિ કાંઇ પણ બોલવાને બદલે એના તરફ શાંતિથી જોતા પડી રહ્યા.

થોડાક વખત પછી નોકરે સંપૂર્ણ સમાધાન થયું હોય એવા સંતોષ સાથે 'નમસ્કાર કરીને એમની વિદાય લીધી.

એના મનોભાવની બીજા કોઈ કાર્યકર્તાઓને માહિતી ના મળી. બીજે દિવસે સવારે પેલા સદ્ગૃહસ્થે હોલમાં

પહોંચીને મહર્ષિના આશ્ચર્ય વચ્ચે કહ્યું:-

'ભગવાન, તમે કાશ્મીરી બોલી શકો છો એ તો મને કદી કહ્યું નહિ એ સારું કહેવાય ?'

મહર્ષિએ પૂછ્યું:-'એટલે તમે શું કહેવા માંગો છો ? મને તમારી ભાષાનો એક અક્ષર પણ નથી આવડતો.'

મહર્ષિએ એમના વિધાનની સ્પષ્ટતા માગી તો એ સદ્‌ગૃહસ્થે જણાવ્યું:–

'ગઇ કાલે રાતે મારા નોકરે તમારી પાસે આવીને કાશ્મીરી ભાષામાં કેટલાક પ્રશ્નો પૂછેલા. એણે જણાવ્યું કે તમે એના સઘળા પ્રશ્નોના ઉત્તરો આપીને એની શંકાઓનું સમાધાન કરી દીધું.'

'પરંતુ મેં તો મોઢું જ નથી ઉઘાડયું.' મહર્ષિએ ખુલાસો કર્યો.

આત્મવિકાસની ઉચ્ચોચ્ચ અવસ્થા પર પહોંચેલા મહાપુરુષ મુખ ખોલ્યા વિના કેવળ મૌન દ્વારા અને શાંત શકિત સંક્રમણની મદદથી બીજાને કેટલી બધી નક્કર ને સત્વર સહાય કરી શકે છે. એની સમજ આ નાના સરખા પ્રસંગ પરથી સારી પેઠે પડી શકે છે.



# વ્રતોત્સવ

—કલ્યાણ

પ્યારા પ્રભુને પામવા પરમ ભકતોએ કઠીન તપ અને મહાવ્રતોના મણકાઓની માળાઓ ગૂંથીને પ્રભુને સમર્પિત કરી પ્રભુની પૂર્ણ કૃપાને પામ્યા છે. પ્રભુએ પોતાના એવા પ્રાણ પ્યારા ભકતોની માળાઓ ગ્રીવામાં પહેરી ભકતોને હ્રદયમાં પધરાવ્યા છે.

પૂ. મા સર્વેશ્વરી પોતાના અદ્વિતીય તપશ્ચર્યા દ્વારા ભકતમાળમાં ઉજ્જવળ મણકારૂપે શોભાયમાન બની રહ્યાં છે. પૂ. મા પ્રભુની પ્રસન્નતા કાજે અપૂર્વ તપ અને વ્રતોની માળાઓ પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી રહ્યાં છે. આવી જ એક ઉગ્રમહાવ્રતની માળા પૂ. મા એ ૨૬, ડીસેમ્બર ના રોજ હરિદ્વારમાં ગંગામૈયાને સમર્પિત કરી. તેનો ઇતિહાસ કંઇક આવો છે.

સપ્ટેમ્બર '૮૬ માં પૂ. મા હરિદ્વાર પધારેલાં ત્યારે તેમણે એક માળા બજારમાંથી ખરીદી, પૂ. માને સહજ પ્રેરણા થઇ કે "ચાલો, આ માળાને ગંગાસ્નાન કરાવી શુદ્ધ પવિત્ર કરું. ગંગાસ્નાન કરાવતાં પૂ. માના પાવન અંતરમાં સંકલ્પ ઉઠ્યો કે માળાના ૧૦૮ મણકારૂપે ૧૦૮ દિવસના ફક્ત પાણી ઉપરના ઉપવાસોનું વ્રત કરી ૧૦૮ મણકાની વ્રતની પુષ્પમાળા મા ગંગાને સમર્પિત કરવી."

મહાકાળનાં પ્રવાહમાં ૧૦૮ દિવસનું નાનકડું ઝરણું પણ વિલય પામી ગયું. પણ પોતાની આગવી વિશિષ્ઠતા અંકિત કરતું ગયું. અનેકવિધ જવાબદારીઓ અને યાત્રાઓના

કઠીન શારીરિક અને માનસિક પરિશ્રમ સાથે પૂ. માએ અણિશુદ્ધ પવિત્રતા સાથે આ મહાવ્રત પ્રસન્નતાપૂર્વક ૨૬ ડીસેમ્બરના રોજ પૂર્ણ કર્યું.

મા ગંગાના પાવન સાન્નિધ્યે આ વ્રતોત્સવ ઉજવવા ૨૪ ડીસેમ્બરના રોજ કેટલાક ભકતો સાથે પૂ. મા હરિદ્વાર પધાર્યાં. અને આનંદ, ઉત્સાહ વચ્ચે પ્રભુપ્રેમનો મહોત્સવ ૧૧ દિવસ સુધી મંડાયો. ભકતો જાણે એ પતિતપાવન માતાઓના વાત્સલ્ય માણવામાં સ્થળ કાળનું ભાન ભૂલ્યા લાગે છે. આપણે પણ એ વાત્સલ્યનું અમૃત પાન કરીયે.

૨૪ ડીસેમ્બર '૮૬ના રોજ પૂ. મા ભકતવૃંદ સાથે વડોદારાથી દિલ્હી સવારના ૧૦–૩૦ વાગ્યે પહોંચી ગયાં છે. એ પહેલાં, સૌરાષ્ટ્ર અને અમદાવાદથી આવેલા ભકતો દિલ્હી પહોંચી ત્યાંથી બસ દ્વારા હરદ્વાર જવા રવાના થઇ ગયા છે સૌને પોતપોતાની રીતે હરદ્વાર પહોંચી જવાનું હોવાથી વચ્ચે રસ્તામાં કોઇની રાહ જોવાનું નથી. બસમાં યાત્રા કરતા ભકતો કયાંક રસ્તામાં પૂ. માનાં દર્શન કરવા તલપાપડ થઇ રહ્યા છે. સમય અને સંજોગો એવા હતા કે હરદ્વાર જતા રસ્તામાં જ પૂ. માનાં દર્શનનો યોગ કદાચ સર્જાય જાય, પરંતુ વાહનોના આ દોડધામના યુગમાં એ અશકય લાગતું હતું. એટલે અમે શાંતિપૂર્વક બસમાં યાત્રા કરી રહ્યા હતા.

સંતપુરુષોની કૃપા અને કરુણા જીવો તરફ સહજપણે વહેતી હોય છે. પૂ. મા તરફ પૂજ્યભાવ રાખતા ભકતો પૂ. માના પ્રેમાળ વાત્સલ્ય અને કરુણાની ગંગામાં સ્નાન કરતા રહે છે. આજે પણ એવું જ બન્યું. અમને પૂ. માનાં દર્શન પામવાની જે આતુરતા હતી તે કરતાં પૂ.માને અમારી સૌની વિશેષ ચિંતા હતી. પૂ. માની એ વાત્સલ્યભરી ચિંતા અને



કરુણાએ અશકયને શકય બનાવ્યું.

બસમાં મુસાફરી કરતાં મોરબીના સુખલાલભાઇએ મોરબીથી નીકળ્યા પણ જ્યાં સુધી પૂ. માનાં દર્શન ન થાય ત્યાં સુધી પાણી પણ ન લેવાનું વ્રત લીધું હતું. પાણી સુદ્ધાં ન લેવાનું એ વ્રત પૂ. મા પ્રત્યે કેટલી શ્રદ્ધાભકિત ભર્યું હતું! બીજા યાત્રીઓ તો રસ્તામાં ખાણીપાણીની મોજ ઉડાવતા હતા. જ્યારે સુખલાલભાઈ બે દિવસની લાંબી પરિશ્રમ ભરી મુસાફરી વચ્ચે પણ શ્રદ્ધા ભકિતનો અર્ઘ્ય પૂ. માના શ્રી ચરણોમાં સમર્પિત કરી રહ્યા હતા. શ્રદ્ધાભકિત ભર્યા એ નાનકડા વ્રતે પણ પૂ. માને પ્રસન્ન કરી દીધાં. પૂ. માના વાત્સલ્ય ભર્યા કરુણાર્દ્ર હૃદયે અમારા સૌને માટે જાણે ચમત્કાર સર્જ્યો. નિશ્ચિંત મને યાત્રા કરી રહેલા અમારા મનમાં પૂ. માની વાત્સલ્ય ભરી ચિંતાનો પડઘો પડ્યો. જાણે અમે તંદ્રામાંથી જાગ્યા. જાગીને જોયું તો જગતને બદલે જગતજનની જોઈ અમે ભાવવિભોર બની ગયા.

અમે બસની પાછળની સીટમાં બેઠા હતા એ વખતે પૂ. માની કૃપાથી અમારાં મનમાં પ્રેરણા થઈ. પૂ. મા જાણે કહી રહ્યાં હતાં કે પાછળ જુઓ! હું તો તમારી પાછળ જ છું. અમે એ વખતે જ પાછળ જોયું તો પૂ. માની મોટર તદ્દન બસની પાછળ જ હતી. પૂ. માનું દર્શન થતાં સૌ ભાવિકો જાણે ઉછળી પડ્યા. "મા, મા" ના પોકારોથી બસ ગુંજી ઉઠી, બસમાં હર્ષોન્માદ છવાઇ ગયો! બીજા યાત્રિકો વિસ્મયતાથી જોઈ જ રહ્યા, પૂ. માએ તરત જ મોટરમાંથી હાથ બહાર કાઢી અભિવાદન કર્યું. સુખલાલભાઈ આગળની સીટમાં હોવાથી હજી પૂ. માનું દર્શન કરી શકયા ન હતા. પૂ. માએ તરત જ મોટરને બસની બાજુમાં લીધી અને જ્યાં સુખલાલભાઈ અને નારાયણભાઇ બેઠા હતા તે સીટ પાસે

પહોંચી પ્રેમથી પરિપ્લાવિત પ્રસન્નતાથી. પુલકિત મુખમંડળ અને વરદ હસ્તથી અભિવાદન કરી દર્શનસુખ આપ્યું. સુખલાલભાઈનો પ્રાણ કૃપાદૃષ્ટિથી પુલકિત બન્યો. વ્રતનો પરીતોષ મુખમંડળપર ફરી વળ્યો. સુખલાલભાઈએ કૃપા મિશ્રિત જલપાન કરી બસમાં જ વ્રતનાં પારણાં કર્યાં.

આગળ રૂડકીના બસ સ્ટોપ પર જ્યારે બસ ઉભી રહી ત્યારે પૂ. માની મોટર પણ ત્યાં ઉભી રહી. સૌ ભાવિકોએ જ્યારે પૂ. માને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા ત્યારે પૂ. માએ કહ્યુ "મને રસ્તામાં જ ચિંતા હતી કે છોકરાઓનું શું થયું હશે ?" "છોકરાઓ" નું લાડ ભર્યું સંબોધન પામી સૌના અંતરમાં આનંદ આનંદ છવાઈ ગયો. પૂ. માએ બધાંના વ્યક્તિગત ખબર અંતર પૂછયા, તબિયતના સમાચાર પૂછયા. લાંબીયાત્રાનો થાક કોણ જાણે કયાં અદૃશ્ય થઈ ગયો ! સારાય વાતાવરણમાં, હળવાશ, પ્રસન્નતા અને મધુરતા છવાઈ ગયાં.

સમય થતાં યાત્રા આગળ ચાલી, અમને તો રસ્તામાંજ યાત્રાનું ગંતવ્યસ્થાન મળી ગયું હતું. અમારા માટે તે 'હરદ્વાર'જ હતું. સાંજ ઢળતા એ નિમિત્તમાત્ર હરદ્વારના 'આર્યનિવાસ'માં 'હરદ્વાર' સમાં પૂ. માના ચરણ કમળોમાં વિશ્રામ પામ્યા.

આર્ય નિવાસ ભવન ગંગા કિનારે જ છે. ગંગામૈયાનાં મનોહર દર્શનનું સુખ અહીં સહજ પ્રાપ્ય છે. સંધ્યા થવા આવી છે. સંધ્યાના અવનવા રંગોથી ગંગામૈયા શોભી રહ્યાં છે. પુરુષાર્થ અને પ્રભુપ્રેમની પ્રતિમા શાં પૂ. મા જ્યારે ગંગાઘાટ પર દર્શનાર્થે પધાર્યાં ત્યારે જાણે યશોજ્જવલ ગંગાનેય ગૌરવ અર્પી રહ્યાં. પૂ. મા ગંગાઘાટના પગથિયાં ઉતરી ગંગામાના પાવન દર્શન પ્રેમપૂર્વક કરે છે. ગંગામૈયાના



વિશાળપટ પર અહોભાવ ભરી દૃષ્ટિ માંડી ધ્યાનસ્થ બન્યાં છે. એ ભાવાવસ્થા પૂર્ણ થતાં પૂ. મા ઘાટનાં એ પગથિયાં પર ઘૂંટણિયે પડી ગંગામૈયાને ઊંડા આદર સાથે પ્રણામ કરે છે. ગંગાદર્શનને પૂ. મા પોતાના જીવનનો અમૂલ્ય અને ધન્ય અવસર માને છે. '૮૬ની સાલમાં જ પાંચ વખત ગંગાદર્શન માટે હરદ્વાર પધાર્યાં છે. ભાગીરથી પ્રત્યે આવો ઊંડો આદરભાવ હોવાથી પોતાના ભગીરથ જેવા ભવ્ય તપસ્વી જીવનનાં સાક્ષી બનાવ્યાં છે. ગંગાકિનારે લીધેલા વ્રતનું સમાપન કરવા આજે જ્યારે ગંગામૈયાના સાંનિધ્યમાં પાવન પ્રેમની પ્રણામાંજલિ અર્પે છે, ત્યારે અણુએઅણુ જાણે ધન્યતાનો અનુભવ કરી રહ્યું છે. ઘાટ ઉપર ઉભેલા ભાવિકો આ પાવન દૃશ્ય માણવામાં મશગુલ બન્યા છે.

પૂ. મા હવે એ ભાવજગતમાંથી બહાર આવ્યાં છે. ઘાટપર બેસી ગંગાજલનું આચમન કરે છે. ભાવિકોપણ ગંગામૈયાને પ્રણામ કરી આચમન કરે છે. સો ભક્તો પર પૂ. મા પ્રેમભર્યાં દૃષ્ટિપાત કરી મધુર હાસ્યથી વાતાવરણને હળવુફુલ બનાવે છે. અંતરના પ્રેમને ગંગાજળ સાથે ખોબામાં ભરી સો ભક્તો પર વારંવાર છાંટીને સૌને ભાવવિભોર કરી રહ્યાં છે. પુ. માના સ્વહસ્તે ગંગાજળના છંટકાવથી સૌ પ્રસન્નતાથી જાણે મ્હોરી ઉઠ્યા. થોડીવાર આનંદોત્સવ થઈ રહ્યો.

આજની લાંબી યાત્રાના થાક વચ્ચે પણ પૂ. મા પ્રસન્ન હતાં. ગંગાદર્શને જાણે તેમનો થાક હરી લીધો હોય તેમ લાગ્યું. સાયં પ્રાર્થનાનો સમય થતાં સમૂહ પ્રાર્થના માટે સૌ વિખેરાયા.

પુ. માનુ સાંનિધ્ય એટલે અહર્નિશ હરિરસની હેલી. સાંજે પરવાર્યા પછી સૌ પુ. માના ઓરડામાં સત્સંગ માટે એકઠા

થાય છે. આજે પૂ. માએ પ્રભુકૃપાનાં અદ્‌ભૂત અનુભવનું રસપાન સૌને કરાવ્યું. પૂ. માએ દિવ્ય પ્રકાશની અનુભૂતિનું વર્ણન કરતાં કહ્યું કે જ્યારથી મારા ઉતારાના ઓરડામાં આવી ત્યારથી દિવ્ય પ્રકાશનું તેજોમય દર્શન થયું. આ દિવ્ય અનુભૂતિ જ્યારે ગંગાદર્શન માટે ઘાટ પર ગયા ત્યારે પણ સતત ચાલુ જ રહી. પૂ. માએ કહ્યું કે દિવ્ય પ્રકાશનો તેજ પુંજ મારી આસપાસ લહેરાતો રહ્યો. એ દિવ્યપ્રકાશના સાન્નિધ્યે મારુ શરીર જાણે હળવુફુલ બની ગયું. ગંગાદર્શનથી પાછા વળતાં શરીર પર કાબૂ રાખી શકાતો ન હતો. દિવાલનો આધાર લઈ પૂ. મા શરીરની સમતુલા જાળવી રહ્યાં હતાં. સૌ ભાવિકો પણ પૂ. માની આ દિવ્ય અનુભૂતિની અવસ્થા નિહાળી રહ્યા હતા. પૂ. માએ કહ્યુ "આ પ્રકાશમય પ્રભુ સ્વરૂપનાં દર્શન સતત ચાર કલાક સુધી રહ્યાં. આ પહેલાં પણ મને ઘણા વર્ષોથી દિવ્યપ્રકાશનાં દર્શન અવારનવાર થતાં રહે છે. પરંતુ સતત ચાર કલાક સુધી એકધારું દિવ્ય દર્શન પહેલી જ વખત થયું."

ભાવિકો પૂ. માના ઈશ્વરાનુભૂતિના પ્રેમ પારાવારમાંથી અમૃતબિંદુઓનું આચમન કરી રહ્યા. તપ જ જેમનું ધન છે એવાં પૂ. મા પ્રભુપ્રેમના પંથે કપરાં ચઢાણ ચડી રહ્યાં છે. આજે પૂ. માના સળંગ ઉપવાસનો ૧૦૧૧ મો દિવસ છે. પૂ. માના શ્રી વિગ્રહનાં દર્શનમાત્ર તેમના વિરલ, રહસ્યમય તપોમય જીવનની સાક્ષી પૂરે છે. આવા આકરા તપ વચ્ચે, હાડથીજાવતી ઠંડીની પરવાહ કર્યા વગર ગંગામૈયાને વ્રતની પુષ્પમાળા અર્પણ કરવા પ્રસન્નતાથી હરદ્વાર પધાર્યાં. ગુરુદેવ પ્રભુ અને ગંગામૈયા પ્રત્યેના પ્રેમમાંથી પ્રગટેલા સાધનામય જીવનનો રસાસ્વાદ ચાલોને આપણે પણ 'અધ્યાત્મ'નાં આ પૃષ્ઠો પર માણીએ.



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા

# પ્રકાશના પંથે

સંક્ષેપકર્તા : પરમાર્થી

## બદરીનાથના ધામમાં

દસેક દિવસની લાંબી મુસાફરી પછી આખરે અમે તા.–૩૧ મે ૧૯૫૪ વૈશાખ વદ ચૌદસને સોમવારે બદરીનાથની પુરાણ–પ્રખ્યાત પુણ્યભૂમિમાં પ્રવેશ કર્યો. મહાપુરુષ શ્રી સાંઈબાબા તથા જગદમ્બાએ લગભગ છ મહિના પહેલા આપેલી બદરીનાથ યાત્રાની આજ્ઞા–પ્રેરણા આખરે સાચી ઠરી.

બદરીનાથની યાત્રામાં પીપલકોટી સુધી મોટર જતી હતી. પણ ૩૮ માઈલ પગપાળા ચાલવું પડ્યું. માતાજીથી ચાલી શકાશે કે કેમ એ વાતની શંકા હતી. પણ પ્રભુની કૃપા તો જુઓ! માતાજીએ છેવટ સુધી પગ રસ્તે યાત્રા કરી અને તે પણ ખૂબ જ ઉત્સાહ અને હિંમતથી. ઉત્સાહ ને હિંમત આપનાર શક્તિ તો એજ છેને? એની કૃપાથી શું નથી થતું? તે ધારે તે કરી શકે છે.

બદરી નાથની ભૂમિ કેટલી સુંદર છે? ચારે બાજુ રમણીય પર્વતો ને વચ્ચે વસેલી બદરીનાથપુરી ખૂબ જ રમણીય લાગે છે. અમે ત્યાં આવી પહોંચ્યાં. ઊકળતા ગરમ પાણીના કુંડમાં સ્નાન પણ કર્યું. પણ હવે ઉતારાનું શું? પ્રભુએ એ ચિંતા પણ દૂર કરી. ઉતારા માટે મંદિરના સેક્રેટરીને મળ્યા. મંદિરની અંદરજ સિંહદ્વારની ઉપરના ભાગમાં રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. નાની નાની ગુફા જેવી ત્રણ ઓરડીઓમાં અમારો ઉતારો થયો. છેલ્લી ઓરડીની બારીમાં તપ્તકુંડ,

અલકનંદા, બદરીનાથનાં કેટલાંક મકાનો ને બ્રહ્મકપાલી દેખાય તેમ હતાં. વળી મંદિરમાં દર્શનાદિનો લાભ પણ સારી પેઠે લઈ શકાય તેમ હતું.

ત્રીજે દિવસે મંદિરમાં એક બનાવ બન્યો. લગભગ બાર વાગ્યા હશે. એક નાનો છોકરો મંદિરના ચોકમાં બુટ પહેરીને આવી પહોંચ્યો. મંદિરના કર્મચારીએ તેને ગાળો દઈને મારવા માંડ્યો. છોકરો કાંઇપણ બોલ્યા વિના બહાર જતો રહ્યો. વાત ઘણી નાની હોવા છતાં મને તેણે વિચાર કરતો કરી મૂક્યો. છોકરાએ તો ભૂલ કરી જ હતી. પણ તે અજાણતામાં થઈ હશે. પરંતુ બીજા મંદિરના કર્મચારીઓએ શું વધારે મોટી ભૂલ ના કરી ? મંદિરની મર્યાદા ને પવિત્રતા શું તેવા વર્તનથી વધારે ઝાંખી નથી પડતી ? ભગવાન શું તેવા વર્તનને પસંદ કરી લેશે ? માણસો શાંતિ ને સમજાવટથી કામ લેવાનું ક્યારે શીખશે ?

મંદિરનું વાતાવરણ અસરકારક છે. મંદિરની મૂર્તિની પ્રતિષ્ઠા શ્રી આદ્ય શંકરાચાર્યે કરી છે. તેમની સાથે કેટલાક બ્રાહ્મણો પણ આવેલા. એટલે મંદિરની પૂજાનો હક્ક ત્યારથી જ તે જ ધરાવે છે. સાંજે મંદિરમાં કથા થાય છે. સવારે ને રાતે કીર્તન ચાલે છે. રાતનું કીર્તન ઘણું સુંદર હોય છે. જે માણસો આટલે દૂરથી દર્શન કરવા આવે છે તેમને એવી રીતે સત્સંગનો લાભ મળે છે.

આખરે એ દિવસ આવી પહોંચ્યો. આ વખતનો દિવસ શ્રી સાઈબાબા જેવા સમર્થ પુરુષે જાગૃતિમાં આપેલો હોવાથી સાચો પડશે જ એવી ખાતરી હતી. છતાં શુક્રવારે રાતે જરા ચિંતા થઇ ત્યારે માર પર અત્યંત પ્રેમ રાખનાર સાઈબાબાએ મને આંતર જગતમાં અનુભવ આપતાં કહ્યું કે : 'આજે પાંચમ ક્યાં છે ? પાંચમ તો કાલે છે. કાલે માનું સાક્ષાત્ દર્શન



થઇ જશે ને બધું કામ થઇ જશે.'

સાંઇબાબાની કૃપા ઘણી છે. તેમની શક્તિ અસીમ છે. મારા જીવનના અનુભવો પરથી તેની ખાતરી થશે. તે બદરીનાથ પણ પહોંચી ગયા. તે તો બધે જ છે, ને વારંવાર મને સૂચના આપે છે કે તે મારી સાથે જ છે. એવા મહાપુરુષ–સંસારના પ્રથમ પંક્તિના સિદ્ધપુરુષની કૃપા બદલ હું મારી જાતને બડભાગી માનું છું. ઋષિકેશ છોડ્યા પછી પણ તેમના દર્શનાનુભવ વારંવાર થતા જ રહ્યા છે. જેઠ સુદી પાંચમને દિવસે સવારે ને રાતે થયેલા અનુભવને યાદ કરીને રોજની જેમ મેં શ્રી સાંઇબાબને પ્રાર્થના કરી કે તમારી જેમ સંપૂર્ણ, સમર્થ ને સિદ્ધ થવા માગતા મારા જેવા બાળકને તમે જે સાધનાની સિદ્ધિનો દિવસ આપ્યો છે તે પ્રમાણે આજે મારું બધું જ કામ થઇ જવું જોઇએ. તમારા જેવા મહાપુરુષનું વચન મિથ્યા જાય તો તે તમારે માટે નામોશીરૂપ ગણાશે. ને તમારા ભક્તોની શ્રદ્ધાને ડગાવનારું સાબિત થશે. માટે આજે તમે આપેલો દિવસ જરૂર સાચો પાડી દો ને મને સફળ કરી દો.

બદરીનાથ ભગવાનને પણ પ્રાર્થના કરી કે હે ભગવાન, હું તમારા ધામમાં ને તમારા સ્થાનમાં સાધનાની સિદ્ધિની આશાથી બેઠો છું. તમારામાં સાચ હોય તો મારી ઇચ્છા આજે જરૂર પૂરી કરી દો. એમ કરવાથી આ ધામનું ગૌરવ વધશે. માની પૂર્ણ કૃપા વિના મારા મનમાં બીજી કોઇયે વસ્તુની કામના નથી.

જેઠ સુધી પાંચમની રાતે માની કૃપાની આતુર હૃદયે રાહ જોઈ. પરંતુ માની મરજી જુદી જ હતી. જેઠ સુદી પાંચમનો દિવસ પણ મિથ્યા ગયો. સાંઇબાબા જેવા મહા-

પુરુષે આપેલો દિવસ પણ સાચો ના પડ્યો. સવાર પડતાં હૃદય રોઈ ઉઠ્યું. કરુણ બની ગયું. સિદ્ધિના મળેલા દિવસો મિથ્યા જવાનું ચક્ર છેલ્લા છ વરસથી એકધારું ચાલ્યા કરે છે. તેની પાછળ શું રહસ્ય હશે તે કોણ કહી શકે?

સાંઇબાબા જેવા મહાપુરુષનો આપેલો દિવસ પણ મિથ્યા ગયો એ કેટલું વિચિત્ર ગણાય? મારો વચગાળાનો વખત શાંતિ અને ઉત્સાહમાં પસાર થઈ જાય માટે મને વચ્ચેના મિથ્યા દિવસો આપવામાં આવ્યા હશે એમ મને લાગ્યું. બીજો કોઈ ઉકેલ મને સમજાતો ન હતો. સારું ગણાય કે ના ગણાય, તલસ્યા વિના છૂટકો પણ ક્યાં હતો? ગમે તેમ, સાધના હજી બાકી હતી ને તે માટે મહેનત કરવાનું, માની કૃપાને માંગવાનું, કામ પણ બાકી હતું.

'જેને રામ રાખે રે તેને કોણ મારી શકે?' એ વાતની યાદ આપતો એક પ્રસંગ બદરીનાથ–યાત્રામાં બની ગયો. અમે પાછાં વળી રહ્યાં હતાં ને આગળ વધી રહ્યાં હતાં ત્યારે એકાએક કોઇની બૂમ સાંભળી. અમારી સાથે બીજું કોઈ તો હતું નહિ એટલે બૂમનું કારણ સમજી શકાયું નહિ. હું ને માતાજી બંને વિસ્મિત બનીને ઊભાં રહ્યાં. ધ્યાનપૂર્વક જોયું તો જણાયું એક ડોશીમા બદરીનાથથી પાછાં ફરીને પુલ તરફ જઈ રહ્યાં હતાં. તે મુખ્ય માર્ગ ભૂલી ગયેલાં. સાથીદારો આગળ ચાલ્યા ગયેલા. તેમણે જે માર્ગ પકડેલો તે પર્વતની ઉંચાઇ પર પૂરો થતો હતો. ત્યાંથી જો કોઈ એક ડગલું આગળ વધે તો રામશરણ થઇ જાય. તેથી ડોશીમાને બચાવવા માણસો બૂમો પાડી રહ્યા હતા. ડોશીમા તો અમારાથી તદ્દન નજીક હતાં. તેમની પાસે પહોંચીને અમે ડોશીમાને દોરી લઈ આવ્યા. ડોશીમાને માર્ગ બતાવવાની અને તેમાં ઈશ્વર-



નો હાથ જોવાની જે તક મળી તેથી અમને આનંદ થયો. અમે વિચાર કરવા માંડ્યાં કે ઈશ્વર જેને ઉગારવા ઇચ્છે છે તેને કેવી અજબ રીતે ઉગારી લે છે! અમે ઈશ્વરને પ્રાર્થના કરી કે હે પ્રભુ, હે દયામય! જીવનનો મુખ્ય માર્ગ ભૂલી જઇને અમે જ્યારે પણ વિપથગામી બની જઈએ ત્યારે તમારી અદૃશ્ય મદદ અમને વેળાસર મળી રહેજો ને તમારી અમી-દૃષ્ટિથી અમારું જીવન સફળ બનજો. તમારો ને અમારો સાથ કદી પણ ના છૂટજો.

બદરીનાથમાં એક વિરક્ત મહાપુરુષનું દર્શન થયું. તે મંદિરની બહાર એક દુકાનની દિવાલ પાસે ચોકમાં રહેતા. તેમનું નામ રામદાસજી. છેલ્લાં કેટલાંક વરસોથી તે શિયાળા-માં પણ ત્યાં જ રહેતા. શિયાળાના દિવસોમાં બદરીનાથની ભૂમિ બરફથી છવાઈ જાય છે. તે વખતની ભયંકર ઠંડીની કલ્પના સહેજે કરી શકાય છે. એવી ઠંડીમાં કોઈના પણ સાથ વિના તેઓ ત્યાં રહેતા એ તેમની નિતાંત એકાંત પ્રિયતા ને તિતિક્ષાની નિશાની હતી.

બદરીનાથમાં બારે માસ રહેનારા મહાત્માપુરુષો છેલ્લાં પચાસેક વર્ષોમાં બેત્રણ થઇ ગયા. તેમાંના એક સિદ્ધબાબા સુંદરનાથજી ને બીજા બચ્ચીદાસજી. બચ્ચીદાસજી વિષે કહે-વાય છે કે શિયાળામાં તે કેટલીકવાર બદરીનાથ છોડી દેતા. તે ઉપરાંત, વસુધારાની ગુફામાં પણ એક મહાપુરુષ રહેતા. તે ત્રણે મહાત્માઓ પણ હિમાલયની ભૂમિમાં જ શાંત થઇ ગયા. સુંદરનાથજી વિષે કહેવાય છે કે તે અદૃશ્ય થઇ ગયા છે. તે વાતને યાદ કરીને રામદાસજી કહે છે કે મારું પણ એ જ થવાનું છે. બે ત્રણ વરસમાં હું પણ મરી જઇશ તે તો એક જ જગ્યાએ બેસી રહેતા. વરસાદમાં પણ ત્યાંથી હઠતા

નહિ. ભિક્ષા માટે કોઇની પાસે યાચના કરતા નહિ કે ક્યાંય જતા નહિ. ઈશ્વરેચ્છાથી જે સહજ રીતે મળી આવે તેના પર જ પોતાનું જીવન ચલાવતા. એમની એ શાંત, સ્થિર નિઃસ્પૃહ વૃત્તિ કાંઇ ઓછી આકર્ષક ને યશસ્ય નથી. તેવી વૃત્તિપણ એક જાતની સાધનાના મહાન ફળ રૂપ છે. તે જોઈને આપણા અંતરમાં તેમને માટે અપાર આદર ઉપજે છે. શાંત વૃત્તિનો મહત્ત્વનો સંદેશ આપનારા એ મહાત્મા પુરુષને આપણા વારંવાર નમસ્કાર. ખૂબ ખૂબ પ્રેમપૂર્વક નમસ્કાર!

ઈશ્વરેચ્છા પ્રમાણે બદરીનાથમાં ૧૭ દિવસ રહીને અમે ઋષિકેશ આવી પહોંચ્યાં. ઋષિકેશનું વાતાવરણ બધી રીતે અનુકૂળ રહ્યું. માતાજીનો સાથ પણ સ્વર્ગીય હતો. ફરીથી નવરાત્રીમાં મારે વ્રત કરવાનો વિચાર હતો. શ્રી સાંઇબાબાએ છેલ્લે છેલ્લે આપેલો જેઠ સુદી પાંચમનો દિવસ પણ મિથ્યા ગયેલો. તે દશામાં નવરાત્રીમાં ફરી ઉપવાસ કરીને માની પૂર્ણ કૃપા માટે તલસવાની મારી ઇચ્છા હતી. તે દિવસોમાં માતાજીની હાજરી આશિર્વાદરૂપ થઈ પડે તેમ હતી. પણ ઈશ્વરની ઇચ્છા જુદી જ હતી. તારાબેનને સુવાવડ આવવાની હતી. તેની સેવા કરનાર કોઈ હતું નહિ. તેથી માતાજીને જવાની જરૂર પડી. આ વખતે માતાજીને મારી પાસેથી દૂર કરીને ઇશ્વરે જાણે મારી કસોટી કરવા ધારેલી. તેમાંથી તેની ઇચ્છા પ્રમાણે પાર ઉતર્યા સિવાય છૂટકો ન હતો.

(ક્રમશઃ)

મનને આત્માભિમુખ કરવા માટે દિવસમાં ઓછામાં ઓછું બે વાર, સવારે ને સાંજે તમારી રુચિ પ્રમાણે ધ્યાન, જપ, કે પ્રાર્થનાનાં અનુષ્ઠાનમાં બેસવાની ટેવ પાડો. રોજ નિયમિત રીતે તમારી પસંદગીની સાધનામાં બેસો જ. પ્રારંભમાં મન નહિ લાગે. પરંતુ ક્રમેક્રમે સ્થિર થતું જશે, અને પછી તો એમાં એવો આનંદ આવશે કે વાત નહિ. એ સાધના તમારા માટે રોજીંદા રસાયન-રૂપ થઇ રહેશે. બહાર ગમે તેટલી અશાંતિ હશે તો પણ એ અભ્યાસ ક્રમ દ્વારા તમે તમારી અંદરથી રસ લેતાં શીખશો ને શાંતિ મેળવશો.

—મહાત્મા શ્રી યોગેશ્વરજી

: સૌજન્ય દાતા :

**M/s. Milan Engineering Works**

Dabhoi Road, Pratapnagar,
BARODA-390 004.

## સંતાઇને કરે છે શું ?

સંતાઇને કરે છે શું ?
દોડી આવ મારે દ્વારે તું.
સંતાઇને.

પાણીવ્રતથી પ્રસન્ન થા,
પૂર્ણરૂપે તું પ્રકટી જા.
સંતાઈને.

વાટ જોવામાં વરસ વીત્યું,
જીવનનું છે ધૈર્ય ઘટ્યુ.
સંતાઇને.

ખંખેરી દે સઘળી હતાશ,
સદ્ય ધરી દે નવલ પ્રકાશ.
સંતાઈને.

કળિ કાળે છે વ્રત આ કઠોર,
લોક કરે છે શોર બકોર.
સંતાઇને.

વ્રત ઉપવાસે સ્થિર કરી,
દર્શન દેજે દિવ્ય ધરી.
સંતાઇને

—મા શ્રી સર્વેશ્વરી

પરમાત્માનું શરણુ અને સ્મરણુ એક રામબાણુ રસાયન છે અને બધાં જ દુઃખદર્દો ઉપર અકસીર કામ કરે છે. માટે છતવાળા માનવોની જેમ ભૌતિક અછતવાળા માનવોને પણુ હું તો પરમાત્માભિમુખ થવાની જ ભલામણુ કરીશ.

—મહાત્મા શ્રી યોગેશ્વરજી



—: સૌજન્ય દાતા :—

**ANAND AGENCIES**

Anand Bhavan, Near Jubilee Baug.
Opp. Sardar Bhavan, Baroda-390 001

Authorised dealers

**M/s. Jyoti Ltd.**

( પાના ૧૦ નું અનુસંધાન )

ચોર્યાસી જેટલા વિદ્યાર્થીઓ મફત શિક્ષણ લે છે. ) પૂ.શ્રીને અંજલિ આપે છે.

પૂ.શ્રીએ શ્રી જીતુભાઇના વૃદ્ધ પિતાજી શ્રી મગનલાલ ગાંધીના સંતસેવાના સંસ્કારો શ્રી જીતુભાઇમાં ઉતર્યા છે તેમની વાત કરી. એમના પિતાજીને પૂ.શ્રી ખાસ ધન્યવાદ આપે છે.

દર રવિવારે અહીં સત્સંગ થશે એવી જાહેરાત થઇ.

આજે છેલ્લો દિવસ એટલે જીતુભાઈનું કુટુંબ પૂ.શ્રીની આરતી ઉતારે છે. પ્રસાદ લઈ સૌ છૂટા પડે છે. ભકતોની વિદાય પછી પૂ.શ્રી તલસાંકળી અને દૂધકેળાં લે છે. ફરી વડોદરા આવવાની વાતો શ્રી જીતુભાઈના પ્રશ્નોથી ચર્ચાય છે. અંતે પોણાદશ વાગ્યે ઘરના સૌ પૂ.શ્રીને પ્રણામ કરી વિદાય લે છે. પૂ.શ્રી તેઓ ગયા પછી મને કહે છે આવા સેવાભાવી ને સમજ સાથે શ્રદ્ધાભક્તિ વાળા તમને કયાંય ન જોવા મળે. મે કહ્યુઃ સાચી વાત છે. સાચેજ આવા ઉદાર અને નમ્ર મેં પણ પ્રથમવાર જોયા.

પૂ.શ્રી આરામ કરે છે. સાથે એક ગંભીર વાત જણાવે છે કે તમે સાથે રહેવા આવ્યાં છો ત્યારથી દરરોજ દસ વાગી જાય છે એ મને ગમતું નથી. અમે મોડામાં મોડા નવ વાગ્યે સૂઇ જતા હતા.

પૂ.શ્રીનું આ સૂચન યોગ્ય જ હતું. પણ આજે છેલ્લો દિવસ હોઇ સૌ ભકતો નવ વાગ્યે વિદાય થયા હતા.

(ક્રમશઃ)



# રામકથા

( ગતાંકથી ચાલુ )

યોગેશ્વરજી

[ યોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા ]

'એમાં ધન્યવાદની જરૂર કયાં છે ?' ઉર્મિલા બોલી ઉઠી : 'તમારા આવા વચનો સાંભળીને મને ખૂબજ સંકોચ થાય છે. મેં કોઈ એવો અસાધારણ ત્યાગ નથી કર્યો. મેં તો મારું નમ્ર કર્તવ્ય બજાવ્યું છે, એટલે મને કોઇ જાતનો ધન્યવાદ નથી ઘટતો. અયોધ્યાના ઈતિહાસમાં મારા ત્યાગનો નહિ, પરંતુ તમારા ત્યાગ તથા કર્તવ્ય પાલનનો જોટો જડવો મુશ્કેલ છે. તમે જે ભગીરથ કાર્ય કરવા તત્પર થયા છો તે બીજા કોઇનાથી નથી થવાનું. તમારી સાથે સીતા પણ વનમાં જવા માટે તૈયાર થઈ છે એ જોઇને મારું હૃદય રડી ઉઠે છે. સીતા વનના વાસ માટે જરા પણ યોગ્ય નથી. છતાં પણ શું થાય ? એના હૃદયને હું બરાબર જાણું છું. એ તમારા વિના એક ક્ષણ પણ નથી રહી શકે તેમ. એટલે એના નિશ્ચયમાંથી એને ચળાવવાનો પ્રયાસ કરવો એ પણ અપરાધ છે.

સીતાએ કહ્યું : 'મારાથી બીજા બધા વિના રહી શકાશે પણ રામ વિના તો નહિ જ રહી શકાય. રામ તો મારા પ્રાણ છે, જીવન છે અને એમના વિનાના જીવન કરતાં હું મરણનેજ વધારે પસંદ કરું.'

'વિધિની વિચિત્રતા તો જો, સીતા ! લગ્ન કરીને સદાને માટે સાથે રહેવાનાં આપણે સ્વપ્નાં સેવતા'તાં તે સ્વપ્નાં એણે સફળ કર્યાં, પરંતુ એ જ હવે આપણને છૂટાં પાડવાની યોજના કરી રહ્યું છે ! છતાં પણ હરકત નહિ. એ આપણા અંતરને અથવા આપણા અનુરાગને અલગ નહિ કરી શકે.'

એ જ વખતે રામના વનવાસના સમાચાર સાંભળીને મહર્ષિ

વસિષ્ઠ આવી પહોંચ્યા, એમણે રામને વનમાં ના જવા માટે ઘણું સમજાવ્યા પરંતુ રામ ના માન્યા.

એ બધા કૈકયી પાસે આવ્યા ત્યારે રાજા દશરથની દશા એવી જ દુઃખમય હતી.

રામે એમની પાસે બેસીને મૃદુ છતાં કોમળ સ્વરે કહ્યું : 'તમારા વચનના પાલન માટે હું વનમાં જવા તૈયાર છું. તમે નાહક શોક કરવાને બદલે મારા મસ્તક પર હાથ મૂકીને મને આશીર્વાદ આપો, જેથી વનવાસનો વખત પૂરો કરીને હું અયોધ્યામાં સુખપૂર્વક પાછો ફરું. સીતા તથા લક્ષ્મણે પણ મારી સાથે આવવાની તૈયારી કરી છે.'

'સીતા તથા લક્ષ્મણે પણ ?' દશરથ વધારે ના બોલી શકયા, એમના મુખમાંથી એટલા જ ઉદ્ગાર નીકળી શકયા.

મહર્ષિ વસિષ્ઠથી એ દૃશ્ય ના જોવાયું એટલે એ બોલ્યા : 'કૈકયી, આ ભારે અનર્થ થઈ રહ્યો છે! રઘુકુળના ઈતિહાસમાં આ ઘટના ભારે કમનસીબ અથવા અમંગલ છે.'

કૈકયી, તરત જ બોલી ઉઠી : 'એમાં હું શું કરું! મેં તો મારા બાકી રહેલાં વરદાન જ માગ્યાં છે. એ વરદાન આપવાં કે નહિ તે રાજાએ જોવાનું છે.'

'પરંતુ આવાં વરદાન ના મંગાય.' (ક્રમશઃ)

---

(ટાઇટલ ૨ નું અનુસંધાન)

૨૧ લવજીભાઇ દાનાભાઈ પુરોહિત, નવાડીસા.
૨૧ શ્રીમતી મમતા ભાટિયા, વાંસદા, પુત્ર વિવેકના જન્મદિન નિમિત્તે.
૫૧ એક સાધિકા તરફથી.
૧૦૦ સુરતના એક સાધકભાઇ તરફથી.
૨૧ કુન્દનબેન ભાઇશંકર મહેતા, મોરબી.
૧૧ મહેશ રમણીકલાલ, મોરબી.

## * સાચુ સુખ લેવામાં નહિ, દેવામાં છે. *

જગતમાં મહાન ભૂલ તો એ જ થાય છે કે લોકો 'લેવામાં, સંગ્રહ કરવામાં જ સુખ માને છે. પણ સુખપ્રાપ્તિનું ખરૂં રહસ્ય તો તેઓ સમજતા નથી કે લેવામાં નહિ પણ દાન કરવામાં-ત્યાગ કરવામાં જ સર્વ સુખ સમાયેલું છે.' ફુલ જે રંગનો ત્યાગ કરે છે એ રંગજ એની પાસે રહી જાય છે. આ જગતમાં બધાય રંગો સૂર્યના જ છે, અને જે ફૂલ સૂર્યના તમામ રંગોને શોષી લે છે તેનો રંગ કાળો બને છે; અને જે ફૂલ જે રંગ સૂર્ય તરફ પાછો મોકલે છે, તેજ રંગ તે ફૂલમાં જણાય છે. મતલબ કે ફૂલ પાછા મોકલેલા રંગવાળુ જ જણાશે. વળી જે ફૂલ સાતે રંગોમાંના કોઇને પણ ગ્રહણ ન કરતાં સર્વને સૂર્યની તરફ પાછા ફેંકી દે છે, તે ફૂલનો રંગ શ્વેતવર્ણી થાય છે. આજ પ્રમાણે જે મનુષ્ય તમામ રંગોનો, તમામ દુન્યવી ઈચ્છાઓનો ત્યાગ કરે છે, તેનો આત્મા સમસ્ત સંસારનો આત્મા બની ગયો છે.

સંતોષરૂપી ઐશ્વર્યથી ચક્રવર્તીનું સુખ પણ જૂના ઘાસના તણખલા જેવું લાગે છે. જેનું મન સતોષ પામેલું હોય છે તે માણસ અત્યંત દરીદ્ર છતાં પણ આધિવ્યાધિઓથી રહિત પરમ સુખને ભોગવે છે. જેમ રાજાની પાસે ચાકર લોકો પોતાની મેળે આવે છે, તેમ સંતોષથી પુષ્ટ થયેલા મનવાળા પુરુષ પાસે મોટી મોટી સમૃદ્ધિઓ કિંકર (ચાકર) થઇને પોતાની મેળે ચાલી આવે છે.

—સ્વામી રામતીર્થ

ADHYATMA Regd. No. GBV 113

## * તો ત્યાગમય જીવન જડ બની જાય *

આત્મ વિકાસની સાધના સંસારના ત્યાગથી જ કરી શકાય છે એવું ન માનતા. સંસારનો ત્યાગ કરનાર સૌ કોઇ સાધનાના મહત્ત્વના કામમાં રસ લે છે કે સમય નિર્ગમન કરે છે, એવું નથી દેખાતું. પ્રારંભમાં ત્યાગ એક અભિનવ જીવનચર્યાના પ્રયોગરૂપ હોવાથી આકર્ષક ને રસમય લાગે છે. પરંતુ વખત વીતવા સાથે કેટલીય વાર, ચોક્કસ કાર્યક્રમના અભાવને લીધે કંટાળો આપે છે અથવા તો અશાંતિ ઊભી કરે છે. વિકાસની વાતને વિસરી જઇને પાછળથી માણસ બીજી પેટા પ્રવૃત્તિઓમાં પણ પડી જાય છે. એટલે ગણ્યા-ગાંઠ્યા અપવાદોને બાદ કરતાં, કેવળ ત્યાગ પણ જીવનને માટે શ્રેયસ્કર થાય છે એમ નથી કહી શકાતું. વિકાસનો મુખ્ય આધાર માણસની આંતરિક વૈરાગ્યવૃત્તિ તથા એની આગળ વધવાની તમન્ના પર રહે છે. એ ન હોય તો ત્યાગમય જીવન જડ બની જાય છે ને પ્રગતિનું સાધન નથી થતું.

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨